# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/— આજીવન **૨૫૧**/—

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/— (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર— ૩૬૪૦૦૨ ફોન : **(૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: avgohil1@gmail.com
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અક્ષરવાસ પામેલા પ્રમુખ સ્વામીને શ્રદ્ધાંજલિ | સંકલન તંત્રી | ૩ |
| યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૧૧ |
| શ્રી યોગેશ્વર કથામૃત— | | |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ (૨૧) | મા સર્વેશ્વરી | ૧૩ |
| Holistic Health—સ્વાસ્થ્ય યાત્રા | ડૉ. અશોક પટેલ | ૧૭ |
| સ્વર્ગારોહણમાં પૂ.શ્રી યોગેશ્વરજીનો ૯૫ મો જન્મોત્સવ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૨૦ |
| ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના | ડૉ.શરદ ઠાકર | ૨૪ |
| સંગ ચલે ન અધેલા | સંકલન તંત્રી | ૩૧ |
| પૂજ્ય શ્રી યોગેશ્વરજી | પ્રો.તરલાબેન દેસાઇ | ૩૫ |
| પારમાર્થિક ઉન્નતિ ધનના આધારે નથી (૨) | સ્વામી રામસુખદાસ | ૩૭ |
| ભારતીય સંસ્કાર | ડો. શરદ ઠાકર | ૪૩ |
| હે મારા મન, તું ભગવાં કે સફેદની ઝંઝાળમાં ના પડીશ | યોગેશ્વરજી | ૪૭ |
| કર્મનો સિદ્ધાંત અફર છે (૨) | સંકલન : રાનુબેન પટેલ | ૫૩ |
| ખૂબ ખૂબ આભાર | તંત્રી | ૫૯ |
| વહેવારમાં રહી કરી શકાતી સાધના (૨) | યોગેશ્વરજી | ૬૦ |
| કર્પૂરવનયાત્રા | મયુરીબેન ટેલર | ૬૩ |

# અક્ષરવાસ પામેલા પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ

—તંત્રી

સાળંગપુરમાં તા. ૧૩/૦૮/૨૦૧૬ને શનિવારે સાંજે ૬ વાગે ૯૫ વર્ષની વયે દેહત્યાગ કર્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુ:ખ વ્યક્ત કર્યું—પ્રમુખ સ્વામી મારા પથદર્શક હતા.

સ્વામીનારાયણ સંસ્થા (બીએપીએસ)ના વડા અને દેશ–વિદેશના કરોડો હરિભક્તોના પ્રાતઃસ્મરણીય પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે શનિવારે સાંજે ૬ વાગ્યે સાળંગપુર મંદિરમાં ૯૫ વર્ષની વયે અંતિમ શ્વાસ લઇ શ્રીહરિચરણ પામ્યા હતા. પૂ.પ્રમુખસ્વામી બ્રહ્મલીન થતાં બીએપીએસના સંતો અને હરિભક્તોમાં ઊંડા શોકની લાગણી છવાઇ.

પ્રમુખ સ્વામીને મળવા આવનાર મહાનુભવોમાં શ્રી શ્રી રવિશંકરજી, ડૉ. કુરિયન, ડૉ. અબ્દુલ કલામ, નરેન્દ્ર મોદી વગેરેને સમાવેશ થાય છે.

સવારે ૯ વાગ્યે અંતિમ દર્શન આપ્યાં, સાંજે ૬ વાગ્યે દેહત્યાગ કર્યો.

**પ્રમુખ સ્વામીની જીવનઝરમર**

૧૬ મે ૧૯૨૯ના દિવસે તેમના ગામની શાળામાં પહેલા ધોરણમાં ભણવા બેસાડ્યા. શાંતિલાલ સ્વભાવે શાંત પણ શિસ્ત બદ્ધ, સમયપાલન સાથે ભણવામાં હોંશિયાર હતા. ઇતિહાસ અને ગણિત એમના પ્રિય વિષયો હતાં.



એકથી પાંચ ધોરણ તેમના ગામમાં ભણ્યાં બાદ તેમણે છઠ્ઠા ધોરણ માટે પાદરા ગામની શાળામાં પ્રવેશ લીધો.

ભગવાન સ્વામીનારાયણના તેઓ પાંચમા આધ્યાત્મિક વારસદાર છે.

શાંતિલાલ ઘરેથી ક્રિકેટનો સરંજામ લેવા વડોદરા જવા નીકળ્યા. રસ્તામાં ભાઈલા ગામના રાવજીભાઇએ કહ્યું ''ગુરુ શાસ્ત્રીજી મહારાજે તમારા માટે ચીઠ્ઠી આપી છે.'' અઢાર વર્ષના યુવાન શાંતિભાઇએ કવર ખોલી ચીઠ્ઠી વાંચી.. તો તેમાં લખ્યું હતું. ''સાધુ થવા આવી જાઓ.''

શાંતિભાઈ વડોદરા જવાને બદલે પાછા ઘેર આવી, માતા–પિતાને ચીઠ્ઠી બતાવી ને કહ્યું રાવજીભાઇના ભાઈલી ગામે મારે સત્સંગ માટે વિચરતા સાધુ નીલકંઠ સ્વામી અને ઘનશ્યામ સ્વામીને મળવા જવાનું ગુરુ શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે.

આ હરિભક્ત કુટુંબે આ પળને જીવનની ધન્ય પળ ગણી હસ્તે મુખે, કોઇ ચહલ પહલ વગર, ગૃહત્યાગ માટે શાંતિભાઇને વિદાય દીધી.. એ દિવસ હતો ૭/૧૧/૧૯૩૯.

૨૨/૧૧/૧૯૩૯ના રોજ અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે કિશોરવયના ભક્તરાજ શાંતિલાલને પાર્ષદની પ્રાથમિક દીક્ષા આપી.

૧૦/૦૧/૧૯૪૦ના રોજ ગોંડલમાં ભાગવતી દીક્ષા આપવામાં આવી. ત્યારબાદ તેમનું નામ પડ્યું નારાયણસ્વરૂપ દાસ સ્વામી.

પેટલાદની સંસ્કૃત પાઠશાળામાં પંડિતો પાસે સંસ્કૃત અભ્યાસમાં લાગી ગયા. અભ્યાસમાં શાસ્ત્રી સુધીનો અભ્યાસ કરીને તેઓ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી બન્યા.

અમદાવાદમાં શાહપુરની આંબલી પોળના મકાનમાં દીક્ષા લીધી હતી.

વર્ષ ૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજે દીર્ઘદ્રષ્ટિથી સ્થાપેલી વિકસતી ધર્મસંસ્થા અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ તરીકે તેઓને નિયુકત કર્યા. ત્યારથી તેઓને પ્રમુખ સ્વામીના હુલામણા નામથી ઓળખવામાં આવે છે.

યુનોની ધર્મસંસદમાં ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ પ્રવચન કરી તેમણે ગુજરાતી ભાષાને ગૌરવ આપ્યું છે.

**BAPSએ ૯/૧૧ના સ્મારક માટે ૧.૫ કરોડ આપ્યા હતા**

અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં આવેલા વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા આતંકવાદી હુમલામાં ભારતીય નાગરિકો સહિત હજારો લોકો માર્યા ગયા હતા. આ ઘટનામાં ગ્રાઉન્ડ સ્ટાફ પણ મૃત્યુ પામતો હતો. આ આતંકવાદી હુમલા બાદ સમગ્ર વિશ્વમાં ગભરાટ અને આતંકવાદ પ્રત્યે ફિટકારની લાગણી પ્રસરી હતી. આ ઘટના બાદ બીએપીએસ સંસ્થાના સ્વયંસેવકોએ વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે રાહત કામગીરી કરી હતી. આ આતંકવાદી ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં અમેરિકન સરકાર દ્વારા ગ્રાઉન્ડ ઝીરો પર સ્મારક (મ્યુઝિયમ) બનાવવામાં આવ્યું છે. આ સ્મારક બનાવવા માટે વિશ્વભરમાંથી કરોડો રૂપિયાનું દાન આવ્યું હતું. જેમાં બાપાના આદેશથી બીએપીએસ ચેરિટિ સંસ્થા દ્વારા ફાઉન્ડિંગ સ્પોન્સર્ડ લેવલમાં ૨.૫ લાખ યુએસ ડોલર એટલે કે ૧.૫ કરોડ રૂપિયાનું દાન કરવામાં આવ્યું હતું. પ્રમુખ સ્વામી મહારાજના સેવાભાવી અને ઉદાત્ત સ્વભાવને કારણે બીએપીએસ દ્વારા અનેક સેવાકાર્યો, રાહતકાર્યો અને બચાવકાર્યો કરવામાં આવ્યાં હતાં. કચ્છમાં આવેલા ભૂકંપ પછી પણ



પ્રમુખસ્વામીના આદેશ બાદ બીએપીએસના કાર્યકરો અને સ્વયંસેવકોએ કચ્છ જિલ્લાના ભુજ, રાપર સહિતના ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્તો માટે સહાયનો ધોધ વરસાવ્યો હતો. ઉપરાંત, મહિનાઓ સુધી રાહત છાવણી અને કેમ્પનું આયોજન કરી અસરગ્રસ્તોને મદદ પૂરી પાડી હતી.

**મુખ્ય વડા બન્યા તે દિવસે બાપાએ વાસણ ધોયાં હતાં.**

પ્રમુખ સ્વામી મહારાજનું દીક્ષિત નામ નારાયણ સ્વરૂપદાસજી હતું. અમદાવાદમાં આવેલી શાહપુર આંબલીની પોળમાં પ્રાચીન સ્વામીનારાયણ મંદિર જે યજ્ઞપુરુષ પોળ તરીકે પણ ઓળખાય છે ત્યાં માત્ર ૨૮ વર્ષની વયે ૧૯૫૦ની જેઠ સુદ પાંચમના દિવસે શાસ્ત્રી મહારાજની નિશ્રામાં યોજાયેલા કાર્યક્રમમાં તેમને પ્રમુખની પદવી સોંપવામાં આવી હતી. નાની ઉંમરથી જ તેમનામાં રહેલી દિવ્યતાની અનુભૂતિ શાસ્ત્રી મહારાજને થઇ હતી અને ત્યારે તેમણે કહ્યું હતું કે, આ સંસ્થાના પાયા હવે હું પાતાળમાં રોપી રહ્યો છું. તે સમયે ઉપસ્થિત સત્સંગીઓ તેમના આ ગૂઢ રહસ્યને સમજી શક્યા ન હતા. પણ આજે આટલા સમય બાદ તેમની વાત સાર્થક થઇ છે. તેમના અથાગ પ્રયત્નોથી દુનિયાના ૧૫૦થી પણ વધુ દેશોમાં સમાજ સેવાકેન્દ્રોનું બીએપીએસ દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. સભા પૂર્ણ થયા બાદ જ્યારે સત્સંગીઓ જમીને ઉઠ્યા ત્યારે તેમનાં જમણનાં તમામ વાસણો પ્રમુખ સ્વામી મહારાજે જાતે ધોયાં હતાં. બીએપીએસના પ્રમુખને આવું નાનું કામ કરતાં જોઇને અન્ય સત્સંગીઓએ તેમને અટકાવ્યા હતા પણ પ્રમુખ સ્વામીએ વાસણ ઘસવાનું પોતાનું કામ ચાલુ રાખ્યું હતું. એ જ પળે અન્ય સત્સંગીઓને સમજાઇ ગયું હતું કે, પ્રમુખ સ્વામી એ કોઇ સામાન્ય માનવી નથી. તેઓ ભગવાન સ્વામીનારાયણનો જ અવતાર

હોવાની લાગણી અન્ય સત્સંગીઓને જન્મી હતી.

**અક્ષરધામ હુમલા વખતે બાપાએ સમતા જાળવી**

સંતની સમતા કેવી સુદ્રઢ હોય એનો અદ્‌ભુત પરચો પ્રમુખ સ્વામી મહારાજે અક્ષરધામ હુમલા વખતે આપ્યો હતો. ૨૦૦૨ની ૨૪મી સપ્ટેમ્બરે અક્ષરધામ પર આતંકવાદી હુમલો થયો. બે ત્રાસવાદીએ ૩૩ વ્યક્તિને ગોળીએ દીધા. ગુજરાત ત્યારે હજી ગોધરાકાંડના ઓછાયામાં હતું. કોમી તણાવ હજી ગુજરાતની હવામાં વર્તાતો હતો. એક નાનકડી ચિનગારી પણ મોટો ભડકો કરી શકે તેમ હતી. લાખો હરિભક્તો શોકમાં હતા, વ્યગ્ર હતા, આક્રોશિત હતા. આવા સમયે પ્રમુખ સ્વામીની પ્રતિક્રિયા મહત્ત્વની હતી. પ્રમુખ સ્વામીએ એ નાજુક સમયમાં જે પ્રતિક્રિયા આપી તે એક સમ્યક સ્થિતિને પામી ગયેલા સંત જ આપી શકે, એક દુરંદેશી સાધુ જ આપી શકે. તેમણે કહ્યું, હરિભક્તો શાંતિ જાળવે અને પ્રાર્થના કરે હુમલાખોરો પ્રત્યે કડવાશનો એક શબ્દ નહીં. જરા પણ આક્રોશ નહીં. નરી કરુણા. તે દિવસે બાપાએ જો એક વેણ પણ કડવું કહ્યું હોત તો શું થયું હોત એ વિચારતાં ધ્રુજારી છૂટી જાય. બાપાના શાંતિ સંદેશે પરિસ્થિતિને સંભાળી લીધી. કપરી સ્થિતિમાં મનને અવિચળ રાખી શકે એ સાચા સંત. પ્રમુખ સ્વામી ઓછું બોલતા. પણ જે બોલતા તેમાં સચ્ચાઇ અને અનુભવ ટપકતો રહેતો. શાસ્ત્રોનું પંડિત્ય તેમની પાસે નહોતું પણ શાસ્ત્રોથી પણ આગળ પ્રબુધ્ધત્વને તેઓ પામી ગયા હતા.

**ઘનશ્યામ મહારાજનો સાક્ષાત્કાર પણ થયો હતો**

ગોંડલ અક્ષરમંદિરના ઘનશ્યામ મહારાજની પ્રતિમા અનેરું આકર્ષણ જગાડે છે. ભક્તોના કહેવા મુજબ પ્રમુખ સ્વામી



મહારાજને ગોંડલ મંદિરના ઘનશ્યામ મહારાજનો સાક્ષાત્કાર થયો હતો. ઘનશ્યામ મહારાજ સાથે તેમણે વાતો કરી હતી. પ્રમુખ સ્વામી મહારાજને ગોંડલ અત્યંત પ્રિય હતું. તેનું મુખ્ય કારણ અક્ષર દેરી સાથેનું તેમનું જોડાણ હતું. તેઓ સાળંગપુરને બાદ કરતાં વધુ સમય ગોંડલમાં રોકાયા હશે. પ્રતિ વર્ષ દીપોત્સવી સમયે શરદપૂર્ણિમા પહેલાં ગોંડલ આવી જતા હતા. બે—ત્રણ વર્ષથી નાદુરસ્ત તબિયતના કારણે તેઓ અહીં આવી શકતા નહોતા. ગોંડલ અક્ષર મંદિરનું કામ ચાલું હતું ત્યારે બીજા માળે કડિયાઓ અને મજૂરો ટાઇલ્સ ચડાવવાનું કામ બંધ કરીને ચાલ્યા ગયા હતા. પ્રમુખ સ્વામી મહારાજને આ જાણ થતાં તેઓએ કોન્ટ્રાક્ટરને પૂછ્યું, ભાઈ આ લાદી કયાં ચડાવવાની છે, કોન્ટ્રાક્ટરે કહ્યું સ્વામી બીજા માળે પહોંચાડવાની છે, પણ મજૂરો ચાલ્યા ગયા છે. ત્યારે કઇ વાંધો નહીં એમ કહીને પ્રમુખ સ્વામી મહારાજે પોતાના મસ્તક પર પાંચ લાદી ઉઠાવી અને પગથિયાં ચડવા લાગ્યા હતા. જોતજોતામાં સંતો—મહંતો અને ભક્તો પણ આ કાર્યમાં જોડાઇ ગયા હતા અને દિવસોના દિવસો ચાલનારું કામ કલાકોમાં જ પૂર્ણ થયું હતું.

કપૂરામાં સ્વામીનારાયણના ભક્તો તરફથી યોજાયેલી ભાગવત સપ્તાહમાં પૂ.માના આદેશથી ૩૦ વર્ષ પહેલાં ઉપસ્થિત રહેવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયેલું. પૂ.મા પણ તે કથામાં આવતાં, તે સમયે પૂજ્ય પ્રમુખ સ્વામી સપ્તાહના અંતિમ દિવસોમાં ખાસ હાજર રહેલ. ત્યારે એક દિવસ બપોરના સમયે એમની પ્રત્યક્ષ મુલાકાત માટે વિનંતિ કરતાં, તેઓએ અમને અડધા કલાક માટે સમય આપેલો.

ત્યારે અમે તેઓને જણાવેલું કે અમે મહાત્મા શ્રી

યોગેશ્વરજીના શિષ્ય છીએ અને પૂ.મા સર્વેશ્વરી તેમના ઉત્તરાધિકારિણી છે. પૂ.માએ ગુરુદેવના બ્રહ્મલીન થયા પછી અન્નત્યાગ કરી દીધો છે, ને તેઓ કેવી સાધના કરી રહ્યાં છે વગેરે વાતો કરેલી.

જો કે તેઓ પૂ.માના અન્નત્યાગ સાથે સંમત ન હતા, છતાં પૂ.માની સાધનાની વાતોથી પ્રભાવિત થઇ જણાવેલ કે તેઓ અમારી સત્સંગી બેનોને પણ ધાર્મિક માર્ગદર્શન આપશે તો અમોને ગમશે.

અમને શીખ આપતા કહેલું કે ગુરુમાં પાકી નિષ્ઠા રાખજો. શ્રદ્ધા ને નિષ્ઠા જ માનવને તારે છે. પ્રમુખ સ્વામીની મહાનતા તો એ વાતથી થઇ કે તેઓનો અગ્નિસંસ્કાર સુખડનાં કીંમતી લાકડાંથી નહીં, પણ લીંમડા વગેરેનાં સામાન્ય કાષ્ટોથી કરજો. કેવી સાદાઇ અને સરલતા!

એ કોઇ વિદ્વાન ન હતા, પરંતુ એક સાધુ ચરિત, સરળ ને નિખાલસ માનવ હતા. તેમનામાં સમતા ખૂબ ભારે હતી. ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેઓ મનની સમતુલા સરસ જાળવી શકતા. ક્ષમા તેમજ કરુણા તેમના મોટા ગુણ હતા. તેઓની વાણીમાં કદી ઔપચારિકતા ન હતી. પરંતુ દિલની સચ્ચાઇ ને પ્રેમ સતત વ્યક્ત થતાં. એથી જ એમની વાણી ફળતી. પોતાના ઇષ્ટ અને ગુરુમાં એમની ભક્તિ અખંડ હતી. વિશેષમાં તેઓ માનવ પારખું હતા. કયા માણસનો કયાં ને કેવો ઉપયોગ કરવો તે સરસ રીતે જાણતા.

એમના અંતિમ દર્શન માટે ત્રણ લાખ કરતાં વધુ ભક્તો ઉમટ્યા અને એમણે જે શિસ્ત પાળી તેમજ સ્વયંસેવકોએ જે વ્યવસ્થા જાળવી, તે ઉદાહરણીય બની રહેશે. આવા એક



મહામાનવને ગુમાવીને સાચે જ આપણે રંક થયા છીએ. એમને શ્રદ્ધાંજલિના ગમે તેટલા શબ્દો ઓછા જ પડે. એમને વંદન જ હોય!

(પૃષ્ઠ ૬૪ નું અનુસંધાન)

થતાં રહ્યાં. સમય જાણે ક્યાંય વીતી ગયો. તેની કોઇને કાંઇ ખબર જ ન રહી, અરે આજે તો જાણે એક નવો મહોત્સવ ઉજવ્યો હોય તેવો આનંદ, ઉત્સાહ, ઉમંગ હતો. વળી કુદરતે પણ તેમાં સાથ આપ્યો. ઝરમર ઝરમર વરસાદ પણ વરસતો રહ્યો. કાર્યક્રમની વચ્ચે થોડો વિશ્રામ પણ રહ્યો. આ કાર્યક્રમનો લાભ શ્રી જગદીપ તથા નયનાબેને પણ લીધો.

ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુના પદ સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી. સૌએ કર્પૂરવનની ભૂમિને પ્રણામ કરી પ્રસ્થાન કર્યું. આ કાર્યક્રમ નિમિતે શ્રી સરોજબેન ભક્ત (સ્યાદલા)ની આગ્રહભરી વિનંતીથી ભોજનપ્રસાદ તેમના નિવાસ સ્થાને જ સ્યાદલામાં ગ્રહણ કર્યો. કર્પૂરવનની ભૂમિ ઉપર નિયમિત રીતે વર્ષમાં ત્રણથી ચાર કાર્યક્રમના આયોજન માટે પણ સૌએ સાથે મળી વિચારણા કરી. કર્પૂરવનનું કાલીમંદિર તીર્થ એ પૂ.માના સ્મરણનું અને પાવન સ્પર્શનો પુણ્ય પ્રસાદ છે. એનું ગૌરવગાન શ્રી ગુરુદેવ પ્રભુએ પણ અનેકવાર કર્યું છે. પૂ.શ્રીમાના પરિવારે તો ગૌરવપૂર્ણ રીતે એ પ્રસાદની ભૂમિ આપણા સૌના દર્શન માટે ઉપલબ્ધ કરાવી છે. પણ એ ભૂમિને તીર્થરૂપ જીવંત રાખવાની શ્રદ્ધાપૂર્વક તેનું જતન કરવાની જવાબદારી આપણા સૌની છે. તો જ્યારે પણ કાર્યક્રમ આયોજીત થાય ત્યારે સૌ શ્રદ્ધાને પ્રેમથી જરૂર પધારે.

# યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## મનની ચાર પ્રક્રિયા

સાધનાના ક્ષેત્રમાં સુચારુ રૂપે આગળ વધતાં પછી તો એવી ભૂમિકાની પ્રાપ્તિ થાય છે કે જે ભૂમિકામાં ગમેતેવી પ્રતિકૂળ પરિસ્થિતિ પણ ચલાયમાન નથી કરી શકતી. સાધકનો સ્વભાવ જ એવો થઇ જાય છે કે પ્રલોભનો તથા ભયસ્થાનો તેને કાંઇ જ નથી કરી શકતાં. વિરોધી વાતાવરણના વિષવાયુ એની આત્મિક વિકાસની જ્વલંત જ્યોતિને હલાવી, ડગાવી કે મંદ પાડી નથી શકતા. અલિપ્તતાની એ અનોખી અવસ્થા પછી જ જીવનના સાચા સ્વાદની સંપ્રાપ્તિ થાય છે. પૂરેપૂરા નિર્ભય બનાય છે. એ અવસ્થા પછી ગમે તે કર્મ કરતાં કે ગમેતેવી અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિમાં શ્વાસ લેતાં એની અસરથી અલિપ્ત રહેવાય છે. પોતાના ઇપ્સિત પ્રત્યે સદા સંપૂર્ણ સભાનવૃત્તિથી આગળ વધાય છે કર્મ કે વાતાવરણ બાધકને બદલે સાધક બને છે. પ્રત્યેક કર્મ આત્મવિકાસની અખંડ આરાધનાના અર્ઘ્યરૂપ બની રહે છે. સાધક પ્રતિપળે પ્રત્યેક સ્થળે પોતાના ગંતવ્યસ્થાન તરફ ગમન કરે છે. એમ કરતાં એક ધન્ય ક્ષણે જીવનના ધ્રુવપદે પહોંચી જાય છે. જીવનનું સર્વોત્તમ સાફલ્ય કરી લે છે. એ સ્વર્ગીય ક્ષણે એના જેવો આનંદ અથવા એના જેવી કૃતકૃત્યતા બીજા કોઇને નથી હોતી. સુખશાંતિનાં સહસ્ત્રો એના પાવન

**સાભાર સ્વીકાર**

આ પૃષ્ઠ માટેની સદ્ભાવભરી સહાય શ્રી કલ્પનાબેન રાજેન્દ્રભાઇ પટેલ, શ્રી રાજેન્દ્ર વી. પટેલ તરફથી.



પ્રાણમાંથી પ્રકટીને રોમરોમને રંગી દેતાં અબાધિતરીતે આગળ વધે છે અને જીવનને કોઇક કલ્યાણકુંજ જેવું કિલ્લોલમય કરે છે. એ અનેરી અલૌકિક અવસ્થાનું આલેખન વાણી દ્વારા કરવું કઠિન છે. એ શબ્દાતીત છે.

## આરંભની યોગ્યતા

સાધનાની એ સર્વોત્તમ સંસિદ્ધિની સંપ્રાપ્તિ માટે આરંભના એક અત્યંત અગત્યના સાધન તરીકે, સ્વભાવની સંશુદ્ધિ પ્રત્યે પૂરતું ધ્યાન આપવું પડશે એને હૃદયશુદ્ધિ કહો, સત્ત્વાપત્તિ કહો, દૈવી સંપત્તિની પ્રાપ્તિ કહો, બધું એક જ છે. ભાષા જુદી પરંતુ ભાવ એક છે. આપણી પોતાની જ પ્રકૃતિનું પરિશોધન કરીને એની વિકૃતિઓને દૂર કરવા માટે પુરુષાર્થ કરવો પડશે. એ પાયાની ભૂમિકા છે. પાયા વિના ઇમારતનું ચણતર ના થઇ શકે તેમ એ ભૂમિકા વિના આત્મવિકાસની સાધનામાં આગળ વધવાનું મુશ્કેલ છે. અંતરમાં સૂતેલ અહંકારને ઓગાળી નાખવો પડશે. પૂર્વગ્રહો અને પૂર્વમાન્યતાઓનાં બંધનોને કઠોર બનીને તોડી નાખવાં પડશે. સંકુચિતતાની વજ્રદીવાલોને ધરાશાયી કરી દઇને વિશાળતા તથા સહિષ્ણુતામાં પ્રવેશવું પડશે. દુન્યવી મમતા, આસક્તિ, રાગદ્વેષ, ભય ધિક્કાર તથા કામક્રોધના પાશમાંથી છૂટવાનું રહેશે. જીવનમાં દુરાચારને બદલે સદાચારની, અન્યાયને બદલે ન્યાયની, અધર્મને બદલે ધર્મની પ્રતિષ્ઠા કરવી પડશે. સર્વ પ્રકારનાં છળકપટ, દંભ, અનૃતનો અંત આણીને ઇમાનદારી, સરળતા, નિષ્કાપટતા તથા ઋતના ઉપાસક બનવું પડશે. સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે સર્વ પ્રકારના આસુરી અવશેષોનો અંત આણીને માનવીય ગુણોની મૂર્તિ બનવું રહેશે. સાધનાનાં બીજાં આગળનાં સાધનો એ પછી જ ફળી શકશે. એટલી પ્રારંભિક યોગ્યતા પછી જ.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૮ સપ્ટેમ્બર—૨૦૧૬ અંક ૧૨**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૨૧)

**તા.૧૬/૧૨/૮૨, ગુરુવાર, માગસર સુદ એકમ, ૨૦૩૯.**

**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

વળી, બીજા પ્રશ્નો પુછાયા : માળામાં ૧૦૮ જ મણકા કેમ હોય છે? બધા સંન્યાસીઓ ૧૦૦૮નો આંક પોતાના નામ સાથે લગાડે છે તે કોણ આપે છે?

પૂ.શ્રીએ સંતોષકારક જવાબો આપ્યા. પછી ધૂન—ભજન ગવાયાં. આનંદ આવ્યો.

ડરબનની બહાર પણ ડુંગરાળ વિસ્તાર છે. અહીંની જમીન પથરાળ છે. શેરડી, ટામેટાં, ફ્લાવર, કોબીજ વગેરેની ખેતી પણ લોકો કરે છે. ખેતરોમાં ગાયો સાથે ઘોડાઓ પણ ચરતા દેખાય છે. ખેતીકામમાં આધુનિક સાધનો સાથે ઘોડા પણ ઉપયોગી બને છે. સરકાર ખેતી માટે ઘણું પ્રોત્સાહન આપે છે.



લગભગ દોઢ કલાકમાં પીટરમેરિટ્સબર્ગ આવી ગયું. ત્યાંના આયોજક અમારી સાથે બેઠા. એ શહેરમાં જોવાલાયક સ્થળો જોવાનાં હતાં.

હાવિક ફોલ્સ નામનો એક કુદરતી ધોધ વહેતો હતો તે જોયો. ઘણી ઊંચાઇ ઉપરથી તે નાનકડો ધોધ વહેતો હતો. એ ધોધ ઉપરથી નીચે કુદવાની હિંમત કરનાર એક છોકરાને દશ રેન્ટનું ઇનામ મળ્યું હતું. એ જોઇને બીજો છોકરો એવી હિંમતનું ગાંડપણ કરવા ગયો તો તે મોતને ભેટ્યો હતો.

આજુબાજુ વૃક્ષો ને મેદાનને લીધે એ સ્થળ શોભા આપતું હતું.

ત્યાંથી થોડે દૂર આવેલ ઓરિએન્ટ પાર્ક જોવા ગયાં. તેમાં પ્રવેશ મેળવવાને એક ગાડીનો એક રેન્ટ ફી હતી.

તે ઘણી વિશાળ જગ્યા છે. અમગેની નદીમાંથી જ એક મોટું તળાવ તૈયાર કર્યું છે. આસપાસ ઘણી વિશાળ જગ્યા છે, જ્યાં લોકો ઉજાણી કરવા આવે, રહે. વળી, ત્યાં જમીનમાં થોડે થોડે અંતરે ચૂલાઓ પણ ચણેલા છે. તેથી ઉજાણી માટે આવનારને બધી જ સરળતા મળી રહે છે. ઘણી મોટરો ત્યાં જુદી જુદી જગ્યાએ ઊભી હતી. લોકો આનંદથી જમતાં હતાં, કોઇ રમતાં હતાં. કોઇ હોડીમાં ફરતાં જોવા મળ્યાં.

લોકો તંબુ બાંધીને પણ અહીં રહી શકે છે. વળી, ત્યાં ઘરો પણ ફર્નિચર, વાસણ સાથે ભાડે મળે છે, જેનું ભાડું સાત રેન્ડ ઓછામાં ઓછું છે. વધુ સગવડ ને મોટું મકાન તેમ ભાડું વધારે. પચ્ચીસ—ત્રીસ મકાનો હતાં, પણ બધાં જ ભરાયેલાં હતાં.

શહેરમાં મુંબઇરોડ, મૈસુરરોડ, જેવાં નામ પણ પણ વાંચવા

મળ્યાં. સાંજે પાંચ વાગ્યે અમે તે માર્ગ ઉપરથી જ્યારે પસાર થતાં હતાં ત્યારે ત્યાં નમાજનો અવાજ સંભળાયો. જાણવા મળ્યું કે અહીં મુસ્લીમો પણ મોટી સંખ્યામાં છે. મસ્જિદો પણ છે. અહીં ગુજરાતીઓનાં સીત્તેરેક ઘર છે. હિન્દી ભાઈબહેનો ઘણાં છે.

હિન્દી ભાઈઓના સહકારથી ગુજરાતીઓ અહીં મંદિર બાંધી રહ્યા છે.

અહીં દિવ્યજીવન સેન્ટર નામે એક સંસ્થા છે. ત્યાં જ આજનું પ્રવચન છે.

એ સંસ્થાની બાજુમાં જ એક ગુજરાતી ભાવિક ભાઈને ત્યાં અમારો ઉતારો હતો. ત્યાં એક કલાક આરામ કર્યો. ઉતારાનું નામ 'કૃષ્ણવીલા' હતું. ઘરના બધા સભ્યો ભાવિક હતા. સાત વાગ્યે ફળદૂધ લઈને પ્રવચન સ્થળે ગયાં. સંસ્થાના હૉલમાં સ્વામી શિવાનંદજીની તસવીર હતી. વળી, વિવિધ દેવોની મૂર્તિઓ હતી. મંદિર જેવો એ હૉલ હતો. ત્યાં જ બે બેઠકો તૈયાર હતી, જેના ઉપર અમે બેઠાં. ગુજરાતી સમાજ તરફથી એક મહિલાએ અમારું સ્વાગત કર્યું અને અમારો પરિચય શ્રોતાવર્ગને આપ્યો.

પ્રવચન ગુજરાતીમાં થયું. અંતે ભજનો ગવાયાં. પછી આરતી થઈ.

અમે વિદાય થયાં. ઉતારાના યજમાન ભાઈએ પોતાના આધ્યાત્મિક પ્રશ્નોનું સમાધાન પૂ.શ્રી પાસેથી મેળવ્યું.

ફરીથી એક કલાકની મુસાફરી શરુ થઈ. પીટરમેરિટ્સબર્ગ નાતાલ પ્રાંતની રાજધાની છે. આખા દક્ષિણ આફ્રિકાની



રાજધાની પ્રીટોરિયા શહેર છે.

દક્ષિણ આફ્રિકાની મોટામાં મોટી નદી વાલ છે. અહીં મુઇ નામની નદી પણ છે. આફ્રિકન ભાષાના 'મુઇ'નો અર્થ 'સારી' થાય છે. અહીં સરકાર આપણાં મંદિરો, સ્કૂલો માટે જમીનો સસ્તા ભાવે આપે છે. પરિણામે મદ્રેસા, ગુજરાતી શાળા, મસ્જિદો, મંદિરો બનાવવાની લોકોને પૂરેપૂરી તક છે.

અહીંના રાજકીય ક્ષેત્રે ગુજરાતી, હિન્દી કે આફ્રિકનને પ્રવેશ નથી. યુરોપીયન પ્રજા જ એ અધિકાર ધરાવે છે. અહીં આફ્રિકન પ્રજામાં ઘણી ગરીબી છે. જંગલોમાં તેઓ નગ્નાવસ્થામાં રહે છે. ભૂખમરો પણ વેઠે છે. આફ્રિકનોને રાત્રે પાસ વિના શહેરમાં ફરવાનો અધિકાર નથી. આફ્રિકન પ્રજાનું શોષણ ચાલુ જ છે.

દક્ષિણ આફ્રિકાના કોઈ કોઈ વિભાગને નાના પાયા ઉપર સ્વતંત્રતા આપીને તે તે વિભાગના એક એક આફ્રિકનને અધિકારી બનાવ્યા છે. જેમ ભારતમાં નાનાં નાનાં રાજ્યો હતાં તેવું. પણ અહીં તેવા વિભાગને ખાસ સ્વતંત્રતા નથી. યુનો તે વિભાગને માન્યતા આપતું નથી.

આ બધી સામાન્ય વાતો કરતાં કરતાં મુસાફરી પૂરી થઈ. અગીઆર વાગ્યે રાત્રે અહીં ઉતારા ઉપર આવી ગયાં. ઘણું મોડું થયું.

આજે મારું રામાયણનું પારાયણ પૂર્ણ થયું. વિદેશની ધરતી ઉપર રામાયણના પાઠનું સત્કર્મ થયાનો આનંદ થયો.

ઉતારા ઉપર આવી આરામ જ કર્યો.

(ક્રમશઃ)

# Holistic Health—સ્વાસ્થ્ય યાત્રા (૨)

—ડૉ. અશોક પટેલ

આગલા અંકથી સ્વાસ્થ્ય યાત્રાનો સુખદ પ્રારંભ થયો. સ્વાસ્થ્યના વાસ્તવિક અર્થને સમજ્યા તથા બીમારીના મૂળ કારણો ને પ્રાથમિક રૂપે સમજ્યા. હવે આ અંકમાં બીમારી દૂર કરવા માટે શાસ્ત્રો દ્વારા તથા આધુનિક પરિક્ષણ દ્વારા કરવામાં આવેલા પ્રયોગોને વિગતવાર સમજીશું.

માનવીય શરીર પાંચ તત્ત્વોથી બનેલું છે. પૃથ્વી, અગ્નિ, વાયુ, આકાશ અને જળ. આ પાંચે તત્ત્વોથી સૃષ્ટિનું સર્જન થયું છે. પ્રકૃતિ પોતાના નિયમો દ્વારા અવરતિ ચાલે છે એટલે સ્વાભાવિક છે કે માનવીય શરીર પણ એજ નિયમો દ્વારા ચાલે છે. દરેક પશુ પક્ષીઓ તથા નાના મોટા જીવો પોતાનું જીવન પ્રકૃતિના નિયમો સાથે જીવે છે જેથી તેઓ સ્વસ્થ આયુષ્ય ભોગવે છે પરંતુ આજનો માનવ પ્રકૃતિના નિયમોને ભૂલીને અસંતુલિત જીવનશૈલી અપનાવી દિવસે દિવસે અશાંત અને બિમાર બનતો જાય છે. આપણે દરેક પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરીએ છીએ જેમકે મોબાઈલ, કમ્પ્યુટર, ટીવી, તથા અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો. આ દરેક વસ્તુઓને આપણે એમને આપેલા નિયમો પ્રમાણે ચલાવીએ છીએ. આપણે ક્યારેય એમના નિયમો વિરુદ્ધ ચલાવવાનો વિચાર શુદ્ધા નથી કરતા. આપણું શરીર પણ પ્રકૃતિએ બનાવ્યું છે ત્યારે એમના નિયમો દ્વારા ચાલવું જોઈએ, પરંતુ આપણે આપણું શરીર આપણા ખુદના બનાવેલા નિયમો પ્રમાણે ચલાવીએ છીએ, શું આ યોગ્ય



છે? દરેક માણસે પોતાની જાતને પૂછી લેવા જેવો આ પ્રશ્ન છે. દિવસે દિવસે પ્રકૃતિથી આપણે દૂર જતા જઈએ છીએ અને વિકૃતિનો ભોગ બનીએ છીએ અને આ વિકૃતિને રોગ કહીએ છીએ. જો આપણે જીવનભર શારીરિક, માનસિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ રહેવું હોય તો પ્રકૃતિના નિયમોને સમજી એમની સાથે તાલથી તાલ મિલાવી ચાલવું પડશે, તો ચાલો પ્રકૃતિના નિયમોને વિગતવાર સમજીએ.

**નિયમ—૧ શુદ્ધિકરણનો નિયમ.**

આ નિયમથી પ્રકૃતિ તેનું અવિરત કાર્ય કરે છે જેમકે આપણે શ્વાસ સાથે ઓક્સિજન લઈએ છીએ અને ઉછ્‌સ્વાસ સાથે કાર્બન ડાયોક્સાઈડ બહાર ફેકીએ છીએ. વૃક્ષો આ કાર્બન ડાયોક્સાઈડ ને પોતાનામાં સમાવી વાતાવરણને શુદ્ધ કરે છે. રાત્રીના વૃક્ષો—કાર્બન ડાયોક્સાઈડને બહાર કાઢે છે અને પૃથ્વી એને પોતાનામાં સમાવી લે છે. વહેલી સવારે પૃથ્વી ઓક્સિજનથી ભરાઈ જાય છે. આ પ્રક્રિયા અવિરત રીતે ચાલે છે. જો આ પ્રક્રિયા એક મિનિટ માટે પણ થંભી જાય તો જીવન સૃષ્ટિ અસંભવ છે. આપણું શરીર પણ આજ પ્રકૃતિના નિયમ પ્રમાણે ચાલવું જોઈએ, જે ચાલી શકતું નથી. આપણું શરીર રોજબરોજ શુદ્ધ થવું જોઈએ, આપણા શરીરને શુદ્ધ કરવા માટે પાણી એક મહત્ત્વપૂર્ણ ઔષધ છે. આપણા શરીરમાં ૭૩% પાણી છે અને પાણી દ્વારા જ આપણા શરીરના દરેક અંગો અને શુદ્ધિકરણની પ્રક્રિયા થાય છે. સામાન્ય રીતે પાણીની ઉણપના કારણે શરીરની કાર્ય પ્રણાલી ખોરવાય છે અને રોગો ઉત્પન્ન થાય છે. આ વિષય પર એક ઈઝરાયેલ વૈજ્ઞાનિક ડૉ. ફરેદુન બેટમેનઘેલીયે ખુબ ઊંડું

અધ્યયન કરી પાણીના અગત્યના નિયમો સમજાવ્યા. ડૉ. ફરેદુને લગભગ ૩૦૦૦ દર્દીઓના રોગોનો ઈલાજ ફક્ત પાણીથી કર્યો જે ખૂબ જ આશ્ચર્યજનક વાત છે. તેણે એમના પુસ્તક ''યુ આર નોટ સીક બટ યુ આર થશ્ટી''માં આ વિષય પર વિગતવાર વર્ણન કર્યું છે. તેઓએ કહ્યું છે કે માનવીય શરીર એક અદ્‌ભુત રચના છે, જ્યારે આપણા શરીરમાં પાણીની ઉણપ થાય છે ત્યારે કુદરતી રીતે જ શરીર એમના મહત્ત્વના બે અંગો મગજ અને હૃદય ને મળે છે જેથી અન્ય અંગોમાં પાણીની ઉણપ ઉભી થાય છે અને આ ઉણપને કારણે એ અંગોમાં રોગો ઉત્પન્ન થાય છે. આ મુશ્કેલીને નિવારણ માટે પાણીની કાર્યપ્રણાલીને સમજવી ખુબ જ જરૂરી છે. પાણી કેટલું પીવું? કેવી રીતે પીવું? ક્યારે પીવું? ક્યારે ન પીવું? એ જાણવું ખૂબ જ જરૂરી છે જેની વિગતવાર માહિતી આવતા અંકે રજૂ કરીશું.

(ક્રમશઃ)

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# સ્વર્ગારોહણમાં પૂ.શ્રી યોગેશ્વરજીનો ૯૫ મો જન્મોત્સવ

–જ્યોત્સ્નાબેન ત્રિવેદી

પંદરમી ઓગસ્ટનું રાષ્ટ્રીય મહત્ત્વ અનન્ય છે, ૧૭૫ વર્ષોની ગુલામી પછી મળેલી પ્યારી પ્યારી આઝાદી. એ પંદર ઓગસ્ટ યોગેશ્વર પરિવાર માટે પણ એક અદકું મહત્ત્વ ધરાવે છે. પૂ.શ્રીનો જન્મદિવસ માનવીને માનવ બનાવવા પધારેલા એક આત્મદર્શી, મહાપુરુષનો જન્મદિન. જેની પાસે સ્ફટીક જેવી પારદર્શિતા અને લક્ષવંધિતા હતી. ક્ષણ પણ જીવનધ્યેયની વિસ્મૃતિ નહીં એવા દેવપુરુષ પરમાત્મ પુરુષનો જન્મદિન.

સ્વર્ગારોહણની પવિત્ર પુણ્યભૂમિ શ્રી શ્રી માની સુખદ સંનિધિથી ઝંકૃત થયેલી અને પાદસ્પર્શથી ચૈતન્યવંતી બનેલી, પવિત્ર બનેલી ભૂમિ પર તા.૧૩/૧૪/૧૫ ઓગસ્ટે આ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. અનેકવિધ કાર્યક્રમો સાથે તે ખૂબ ઉત્સાહથી સાધકોએ ઉજવ્યો.

તા. ૧૩ મીએ સવારે ૫.૩૦ થી ધ્યાનની બેઠક સાથે એ પર્વની શરુઆત થઈ. સવારે ૬ થી ૭.૩૦ સુધી 'અનસ્ત સૂર્ય'ના પારાયણની શરૂઆત થઈ. એ પારાયણની વિશેષતા એ હતી કે ૧૫/૧૨/૨૦૧૫ થી હરિદ્વારમાં થયેલા પારાયણ સમયે શ્રી શ્રી માએ પ્રત્યેક પ્રકરણને અંતે તેનું સુંદર વિશ્લેષણ આપેલું અને શ્રી જ્યોત્સ્નાબ્હેને તેની તે સમયે નોંધ કરેલી. તો પાંચ–છ પ્રકરણના વાંચન પછી તે નોંધનું વાંચન કરવામાં આવતું. સહુને ખૂબ રસ પડ્યો. શ્રી શ્રી માએ ખૂબ સુંદર છણાવટ કરી એ

મહાપુરુષનું વિરાટદર્શન કરાવ્યું, જાણે ગીતાનું વિશ્વરૂપ દર્શન. તેની સાથે–સાથે આપણે કયાં ઉણા ઊતરીએ છીએ તેની સ્પષ્ટ ટકોર. ઈશ્વરને પામવામાં સંયમ અને અનન્ય શ્રદ્ધાની જ જરૂર અને જીવનની પ્રત્યેક ક્ષણે તેનું સ્મરણ ને અપાર પ્રેમ હોય તો જ પ્રભુ મળે તે પ્રગટાવવાનો આગ્રહ તેમાં રણકતો હતો. દિન પ્રતિદિનની પ્રાર્થનાઓ અને પ્રણામમાં પ્રાણ કેવી રીતે પૂરી શકાય તેની સ્પષ્ટ સમજ, નવ મંત્રગાન કેવી રીતે કરવા અને પ્રણામ કેવી રીતે કરવા તેનું અદ્‌ભુત માર્ગદર્શન શ્રી શ્રી માએ ધર્યું છે. શ્રી તરલાબેનની કલમે આલેખાયેલા એ જીવનચિત્રમાં શ્રી શ્રી માએ જાણે જુદા જુદા પાસાંઓની અદ્‌ભુત રંગપૂરણી કરી તેને જીવંતતા બક્ષી છે.

સહુના સહકારથી માત્ર અઢી દિવસમાં તે પારાયણ પૂર્ણ થયું. પારાયણ સાથે આપણી નિત્ય પ્રાર્થના, પ્રણામ, મંત્રગાન બધું જ હતું. સૌથી વિશેષ વાત તે દિવસે સહુ સાધકોએ કરેલો ૧૨ કલાકનો નિર્જળા, સવારે ૬ થી સાંજે ૬. ભાગ્યે જ કોઈએ નહીં કર્યો હોય. એ દિવસે સત્કર્મ પણ થયું. સેવા વિના સાધના અધૂરી કે સાધના વિના સેવા અધૂરી, બંને જાણે પરસ્પરના પૂરક એવું દર્શન થયું.

નવી પ્રણાલિ પ્રમાણે ૬૦૦ રૂા. ભરી ૧ પરિવારને સહાયક થઈ શકાય તેની હાશ લઈ શકાય તેવા આપણી હૂંફના ૨૫૦ હકદારો પણ હાજર રહેલા સાધક ભાઈ બ્હેનોએ રાહતની વર્ષા કરી.

એકાદશી ૧૪ ઓગસ્ટે સહુએ ઉપવાસ કર્યો. ૧૫ ઓગસ્ટે પણ આ પર્વ ત્રણ દિવસના ઉપવાસથી જ ઉજવવામાં આવ્યું.

ખૂબ સુંદર રીતે હૉલ, પાલખી અને પારણાનું સુશોભન કરી



શોભાયાત્રા, ગરબા સાથે પ્રભુને હૉલમાં પધરાવી પાછા સરોડા તીર્થમાં પધરાવવામાં આવ્યા. પાલખીના પ્રથમ ધારકો પૂ.શાંતિકાકા, શ્રી કલ્યાણજી, શ્રી ચંદ્રકાંતભાઈ પંડ્યા અને શ્રી પંડિતજી હતા.

આ વખતે જન્મોત્સવ સમયે શ્રી રાજુભાઈએ સહુને બે નિયમ આપ્યા હતા કે નિયમિત રીતે રોજ અનસ્તસૂર્યના ૧ અથવા ૨ પ્રકરણનું વાંચન અથવા અધ્યાત્મ માસિકનું વાંચન કરો. શ્રી નેત્રંગનાં ધનીબાએ સહુને પંજરીનો પ્રસાદ સ્વહસ્તે વહેંચ્યો હતો.

આ વખતે ધ્વજવંદનમાં સહુને એક વિશેષ લાભ મળ્યો. શ્રી જગદીપભાઈની ઉપસ્થિતિનો. કાલીમંદિરના એ સુગંધિત પુષ્પે જાણે કાર્યક્રમને અનેરી શોભા અર્પી. પૂ.શ્રીમાએ આપેલી પ્રાર્થના અજયભાઈ કલોલાએ બુલંદ અવાજે સહુની પાસે કરાવી. નિલેશભાઈ, જયુબેન, દિશાબેન, દમયંતિબેન સહુએ શ્રીમાના નવરચિત પદોનું સુંદરગાન કર્યું.

શ્રી રાજુભાઈએ આ પ્રસંગે આપણા પ્યારા પ્રધાનમંત્રીની રક્ષા માટે રોજ એક વિશેષ પ્રણામ કરવાનો નિયમ આપ્યો. અને સાથે–સાથે ખાદી ઉદ્યોગને પ્રોત્સાહન માટે સહુ એક નાનકડો રૂમાલ પણ ખરીદશે એવી વિનંતિ કરી.

આ પ્રસંગે શ્રી શ્રી માએ મોકલેલી વિડિયોનું દર્શન તા. ૧૪ અને ૧૫ બંને દિવસે કરાવવામાં આવ્યું. શ્રી શ્રી માના જીવંત દર્શનથી પુલકિત થઈ જવાયું. ક્ષણભર માટે લાગ્યું ''ગંગાવતરણ'' ધ્યાનસ્થ શ્રી શ્રી મા અને યુવાન સાધકો અને હિમાલયની પવિત્ર ભૂમિની યાદ અપાવતા હતા. તો એ પાણીનો ખલખલાટ, નિનાદ દેવપ્રયાગથી વહેતા ગંગામાનું

દર્શન કરાવતું હતું. એ ખીણો અને ઘાટીઓના નયનરમ્ય દર્શનો મનમોહક હતાં.

શ્રી શ્રી માનું દોડવું જાણે કિલકિલાટ કરતી કન્યા સમું, ઉછળકૂદ, મસ્તી અને રસથી ભરેલું દર્શન જાણે નવો પ્રાણ પૂરતું હતું. મટકીફોડ કાર્યક્રમમાં શ્રી ગાર્ગીબ્હેન, ભક્તિ, ભાવી, અનિલભાઇ, દેવાંગભાઇ, પંકજભાઇ, ચિન્મયભાઇનું સાહસ દિલ ધડકાવનારું હતું. જ્યાં માનું પીઠબળ ત્યાં ભય શાનો! એવો કંઇક સંદેશ ધરનારું પણ હતું. સત્સંગ, ધૂનના દર્શનની મઝા સાથે આ વિનોદ ને સાહસના દર્શનની મઝા પણ માણી. ખૂબ આનંદ આવ્યો. ઉત્સવને એક અનેરું બળ મળ્યું.

શ્રી રાજુભાઇએ ત્રણેય દિવસ કાર્યક્રમનું ખૂબ સરસ સંચાલન કર્યું. શ્રી સિદ્ધાર્થભાઇએ મોકલેલ ધ્વજ પતાકાઓથી સહુ સાધક ભાઇ–બ્હેનોએ ત્રિરંગાઓથી કરેલા સુશોભનથી સ્વર્ગારોહણ જાણે સ્વયં રાષ્ટ્રીય તીર્થની શોભા પામ્યું. શ્રી સરોજબેન ભક્તે તાજાં સુગંધિત પુષ્પોથી અવસરને મહેકાવી દીધો. શ્રી નરેન્દ્રભાઇએ તાજા પુષ્પોનો હાર પ્રભુને સમર્પિત કરી દિનપ્રતિદિન સત્યપથની સેવાઓને વિશેષ રીતે મહેંકાવીને પ્રભુને પ્રણામ કર્યા.

અનસ્ત સૂર્યનું પારાયણ બાળકો અને યુવાનોએ કર્યું પણ તેમાં સર્વશ્રેષ્ઠ વાંચન પુણ્યા ઉપાધ્યાયનું અને રથી પુરોહિતનું હતું. આ પર્વને વરુણદેવે પણ કૃપા કરી માણવા દીધું. ધ્વજને મુક્ત રીતે ફરકવાની જાણે રજા આપી દીધી. આપણી સર્વ પ્રણાલી સાથે પૂ.મા પ્રભુની અનન્ય કૃપાથી આ પર્વ ખૂબ સરસ રીતે પાર પડ્યું. સાધકોએ ઘણી સંખ્યામાં ઉપસ્થિત રહી તેને શોભાવ્યું. શ્રી પ્રભુનો જય જયકાર.



# ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના

ડૉ. શરદ ઠાકર

**રક્ષાબંધન તહેવારના ઉપલક્ષ્યમાં**

'સાહેબ, આ તમારા હાટુ લાવી છું.'

'શું છે?'

'રાઇ છે. અમારા ખેતરમાં પાકેલી છે.'

'પણ હું એનું શું કરીશ? લઇ જા પાછી.'

'કેમ આવું પૂછો છો કે આનું હું શું કરીશ? આખી દુનિયા શું કરતી હશે?'

'એ તો હું જાણું છું, દાળ અને શાકમાં રાઇનો વઘાર થાય છે, પણ હું તો અહીં એકલો જ રહું છું. ફેમિલી અમદાવાદમાં છે. હું બે ટંકનું ટિફિન મંગાવું છું. મારે આ ખપમાં નહીં આવે. લઇ જા આ થેલી પાછી.'

'નહીં લઇ જાઉં. ફેમિલી અમદાવાદમાં રહે છે ને? તો આ થેલી અમદાવાદ લઇ જજો.'

એ ન જ માની અને તાજી ચમકતી તીખી સુગંધ મારતી રાઇની મોટી થેલી મૂકીને ચાલી ગઇ. હું દર શનિવારે અમદાવાદ જતો હતો. સાથે થેલી પણ લેતો ગયો. પત્નીનાં હાથમાં મૂકી દીધી. એ ચોંકી ગઇ, 'આટલો બધી રાઇ?! રોજ રોજ આખી સોસાયટીને જમાડીએ તો પણ આખું વરસ ચાલે એટલી છે આ! ક્યાંથી ઉપાડી લાવ્યા?'

હું ચૂપ રહ્યો. મારે એને શું કહેવું? નવું નવું લગ્નજીવન હતું. હજી એક પણ બાળકનું આગમન થયું ન હતું. એ

અમદાવાદની વી.એસ. હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએશનનું છેલ્લું વર્ષ પૂરું કરી રહી હતી. હું બહારગામ નોકરીમાં હતો. દર વીક એન્ડમાં માત્ર ચોવીસ કલાક માટે જ ઘરે આવતો હતો. સંસારના વઘારમાં અમારે રાઈની જરૂર ન હતી. તો પણ એટલું તો કહ્યું જ, 'છે એક પેશન્ટ. હું જ્યાં જોબ કરું છું એની પાસેના કોઈક ગામડેથી આવે છે. મેં ના પાડી તો પણ બઝાડી ગઈ છે. જેટલી ખપમાં આવે એટલી રાખી લે, વધારાની પડોશીઓમાં વહેંચી દેજે.'

પંદર દિવસ થયા હશે, ત્યાં એ ફરી પાછી 'ચેકઅપ' માટે આવી. મારી ઓ.પી.ડી. ચિક્કાર જતી હતી. સો સવા સો દર્દીઓની ભીડમાં પણ મેં તેને બહાર ઊભેલી જોઈ લીધી. આ વખતે પણ એના હાથમાં મોટો થેલો હતો.

'સાહેબ, એનો વારો આવ્યો ત્યારે એણે થેલો મારી ખુરશીની બાજુમાં મૂકી દીધો, 'મારા કાકાજીના ખેતરમાં પાકેલી મકાઈ છે.' એ પ્રદેશમાં મકાઈના ડોડાને પણ મકાઈ જ કહે છે.'

'અરે, પણ આટલી બધી?! હું તો અહીં એકલો રહું છું.'

'અમદાવાદ લઈ જાજો, ફેમિલી માટે.' એ અર્થસૂચક રીતે બોલી ગઈ. મેં હકારમાં માથું હલાવ્યું. એ શનિવારે અમદાવાદ જઈને મેં થેલો ખાલી કર્યો, ત્યારે બધાંને ગમ્યું. પૂરા કદના દૂધમલ દાણાવાળા ભરાવદાર ડોડા જોઈને કોના મોંઢામાં પાણી ન આવે?

ત્યારે પણ પત્નીએ પૂછ્યું તો ખરું જ, 'કોણ છે એ?' આ વખતે હું જવાબ આપી શકું તેવી સ્થિતિમાં હતો. છેલ્લે તે આવી ત્યારે મેં કેસપેપરમાં એનાં નામ–ઠામ વાંચી લીધાં હતાં,



'વનિતા પટેલ. કપારડા ગામના કોઈ સુખી જમીનદાર પરિવારની વહુ લાગે છે. યુવાન છે. ગોરી છે. ભોળી છે. જ્યારે જુઓ ત્યારે સ્મિત વરસાવતી હોય છે. ઈન્ફર્ટિલિટીની સારવાર માટે આવે છે અને દરેક વિઝિટ સમયે મારા માટે કંઈક લેતી આવે છે.'

એ પછી પણ વનિતા ચેકઅપ માટે આવતી રહી. ક્યારેક લીલી વરિયાળી તો ક્યારેક બીજું કંઈક લઈને જ આવે.

'આજે પપૈયાં લાવી છું. અમારા ઘરની પાછળના વાડામાં ચાર ઝાડ છે પપૈયાંનાં. સૌથી સારાં અને સૌથી મોટાં તમારા હાટુ લઈ આવી છું. તમારા અમદાવાદમાં આટલાં મીઠાં પપૈયાં ચાખવાયે ન મળે. નરી સાકર જોઈ લ્યો!'

વનિતાની વાત ખરી નીકળી. આવાં પપૈયાં મેં એ પહેલાં કદીયે ખાધાં ન હતાં.

એક વાર એ થેલો ભરીને શાકભાજી લઈ આવી, 'બધાં જ શાક છે, ઊંધિયું બનાવડાવજો.' એ દિવસે મંગળવાર હતો. શનિવાર આડે તો ચાર–પાંચ દિવસ પડ્યા હતા. મારા ક્વાર્ટરમાં રેફ્રિજરેટર ન હતું. મેં ઊંધિયાનો પૂરો કાચો માલ ડૉ. દેસાઈનાં પત્નીના હાથમાં સોંપી દીધો હતો એવું મને યાદ આવે છે.

આવું દસ–બાર વાર બન્યું એ પછી મને વિચાર આવ્યો કે વનિતાનાં મનમાં શું હોઈ શકે? એ પહેલાં મેં ત્રણ વર્ષ વી.એસ.હોસ્પિટલના ગાયનેક વિભાગમાં રેસિડેન્સી કરી હતી. ત્યારે તો બસો–બસો પેશન્ટ્સમાંથી કોઈ ચણો પણ ચખાડતું ન હતું. અમારા મોટા સાહેબો જેઓ મુલ્કમશહૂર હતા તેમને પણ કોઈ દર્દીઓ ક્યારેય એક ટાંકણી સરખીયે ભેટમાં આપી હોય

તેવું મને યાદ નથી.

પણ એ ટાઉનમાં આવ્યા પછી મને જાણવા મળ્યું કે જનમાનસમાં ડૉક્ટરનું સ્થાન કેવું હોય છે! ખેર, અત્યારે તો આપણે વનિતા પર જ ફોકસ રાખીશું, પણ બીજા ઘણા દર્દીઓ અનેક વાર હૉસ્પિટલના બધા ડૉક્ટરો માટે નાની મોટી ચીજો લઈ આવતા હતા અને અમે સ્વીકારી પણ લેતા હતા. આ બાબતમાં હું બહુ ચોખલિયો નથી. દર્દીઓ સ્નેહ અને આદરના લીધે જો મને કશુંક આપી જાય તો હું એને લાંચ માનતો નથી. હા, જો મેં કોઈનું કામ કરી આપવાની લાલચ આપીને આવી ભેટસોગાદો લીધી હોય તો એ મારા માટે ચોક્કસ અનૈતિક જ ગણાય.

એક દિવસ વનિતાએ પૂછ્યું, 'સાહેબ, ફેમિલીમાં કોણ કોણ છે?'

'માતા—પિતા છે અને એકની એક પત્ની છે.'

'દીકરો? દીકરી?'

'હજુ સુધી તો નથી, પણ આવનારા જુલાઈ મહિનામાં આવી જશે.' મેં માહિતી આપ્યા પછી વળતો વાટકી વહેવાર કર્યો, 'તારા કુટુંબ વિષે જણાવ.'

'મારું પિયર રામપુર ગામમાં છે. મને સાડાત્રણ વર્ષ પહેલાં કપારડા ગામના સરપંચના ઘરમાં પરણાવી છે. મારા સસરા સરપંચ છે. ચારસો વીઘા જમીન છે. બે માળની બંગલી છે. જેઠ નથી, દિયર નથી. સાસુ જીવે છે. ચાર નણંદો છે.' આટલું બોલતાંમાં તો વનિતાના ચહેરા પર ઉદાસી છવાઈ ગઈ. આઠ માણસોના પરિવારમાં એક નાનો જીવ ન હોવાની પીડા એનાં



અંગેઅંગમાં ફૂટી નીકળી.

'સાસરિયાં બધાં સારાં છેને?'

'અત્યાર લગી તો સારાં હતાં, પણ હમણાં ત્રણ—ચાર મહિનાથી...' એની આંખો છલકાઈ ઊઠી. મેં વાતને ત્યાં જ અટકાવી દીધી. એક તો બહાર દર્દીઓની ભીડ જામેલી હતી અને બીજું એ કે હું સાવ દુનિયાદારીથી અજાણ એવો નવયુવાન હતો. માત્ર પચીસ વર્ષની વયે મારામાં આવી બારીક વાતને સમજવા જેટલી સંવેદનશીલતા કદાચ ન હતી. વનિતાને ગર્ભ ન રહેતો હોય અને એનાં સાસરિયાં એને દુઃખ આપતાં હોય તો એ એનો પ્રશ્ન છે. એમાં હું શું કરી શકું? મારું કામ સારવાર કરવાનું! એ તો હું કરતો જ હતો.

એક દિવસ વનિતાએ લાગણીભીનો હુમલો કર્યો, 'સાહેબ, હું તમને ભાઈ કહીને બોલાવી શકું?'

મેં સાવ કોરો જવાબ આપ્યો, 'કહે! મને વાંધો નથી.' મારો સપાટ પ્રતિભાવ જોઈને વનિતાનો ચહેરો ઊતરી ગયો, પણ એ દિવસથી એણે મને 'સાહેબ'ને બદલે 'ભાઈ' કહેવાનું ચાલુ કર્યું.

એક દિવસ તે આવી તો થનગનતી હતી. પર્સમાંથી એક ડબ્બી કાઢીને ટેબલ પર મૂકી દીધી. મેં કેસ પેપરમાં લખતાં લખતાં પૂછી લીધું, 'શું છે એમાં?'

'ભાભીને માટે વીંટી લાવી છું. સોનાની છે.' પહેલી વાર મેં ના પાડી દીધી, 'આવી મોંઘી ભેટ મારાથી ન લેવાય. તારાં સાસરિયાંને ખબર છે કે તું...?'

'ના, પણ આ વીંટીના રૂપિયા હું પિયરમાંથી...'

'ના એટલે ના. હવે આગળ એક પણ શબ્દ ન બોલતી.'

મેં જરા કડક અવાજમાં કહ્યું. એ દુઃખી થઈને ચાલી ગઈ.

જુલાઈ મહિનો આવી ગયો. મારા ઘરમાં લક્ષ્મીજી પધાર્યાં. આ વાતની જાણ વનિતાને તો ઓગસ્ટમાં થઈ. તે પૂછવા લાગી, 'ભાઈ, મારી ભત્રીજી માટે કંઈક આપું તો એ તમે સ્વીકારશોને?'

'હા, પણ જો એ વસ્તુ મોંઘી હશે તો નહીં સ્વીકારું.' મેં સપ્તાઈથી કહ્યું. એ અડધી ખુશ, અડધી નાખુશ થઈને ચાલી ગઈ. એ દિવસ પછી મેં વનિતાને લાંબા સમય સુધી જોઈ નહીં. ત્રણેક મહિના પસાર થઈ ગયા. મને ચિંતા થવા લાગી.

એક દિવસ કકું નામની એક સ્ત્રી સારવાર માટે આવી. કેસ પેપરમાં એના ગામનું નામ વાંચીને મારી આંખ ચમકી ઊઠી, 'તમે કપારડાના છો?'

'હા, કેમ?'

'ત્યારે તો તમે વનિતાને ઓળખતા જ હશો. તમારા સરપંચના દીકરાની વહુ...'

'હા, ઓળખું છું. બાપડી ભારે તકલીફમાં છે. એની જમ જેવી સાસુ અને ચાર ભારાડી નણંદો એના માથે રોજ–રોજ બાવળનાં ઝાડ ઉગાડે છે. છોકરું નથી થાતું એટલે, પણ એમાં વનિતા બિચારી શું કરે?! હવે તો એણે પણ આશા છોડી દીધી લાગે છે. એની સાસુ પોતાના દીકરાને બીજી વાર પરણાવવાની વાત કરે છે.'

મારી છાતી ચિરાઈ ગઈ. અરેરે! એમાં વનિતાનો તો વાંક જ ન હતો. ખરી વાત એ હતી કે ખામી એના વરમાં હતી. હું એનો રિપોર્ટ સુધરે એ માટેની દવા પણ આપતો હતો, પરંતુ પરિણામ



મળતાં વાર લાગે તેમ હતી. વનિતા સંસ્કારી હતી કે એણે આ વાત ઘરમાં બહાર પાડી ન હતી. જો કહી દીધું હોત તો કદાચ એની જાલિમ સાસુ અને ખૂંખાર નણંદો ઠંડી પડી ગઈ હોત.

બે મહિના પછી કંકુ ચેકઅપ માટે આવી. રડી પડી. મેં કારણ પૂછ્યું. એણે ખૂબ આઘાતજનક સમાચાર આપ્યા, 'વનિતાએ ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું. લોકો વાત કરે છે કે એને મારી નાંખવામાં આવી છે. બિચારીને પિયરમાં પણ આધાર ન હતો. બાપ મરી ગયા હતા. ભાઈ તો હતો જ નહીં. જો મા જણ્યો ભાઈ હોત તો વનિતા પિયરમાં ચાલી ગઈ હોત પણ...'

હું જડવત્ બનીને સાંભળી રહ્યો. કંકુએ કાગળના પડીકામાંથી બે નાની–નાની ઘૂઘરીવાળી, ચાંદીની ઝાંઝરીઓ મારા ટેબલ પર મૂકી દીધી, 'આ તમારી દીકરી માટે... વનિતાએ ક્યારની લઈ રાખી હતી એના વરને સોંપતી ગઈ હતી...એના વરને ખબર પડી કે હું અહીં આવું છું એટલે કાલે સાંજે છાનોમાનો ઘરે આવીને મને આપી ગયો...'

આ ઘટનાને આજે ૩૩–૩૪ વર્ષ થઈ ગયાં. જ્યારે જ્યારે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર આવે છે ત્યારે ત્યારે વનિતાનો હસતો ચહેરો મને સાંભરી જાય છે. એક સવાલ તાજો થઈ જાય છે, 'સાહેબ, હું તમને 'ભાઈ' કહીને બોલાવી શકું?'

મારા રૂંવે–રૂંવેથી હોંકારો ફૂટે છે, 'હા! હા! હા!'

પણ હવે વનિતાનો અવાજ સંભળાતો નથી. ક્યારેક કબાટનું ખાનું ઉઘાડીને બે નાની ઝાંઝરીઓ હાથમાં રમાડી લઉં છું. એની ઘૂઘરીઓના મીઠા અવાજમાં એક ખોવાયેલી બહેનનો ચહેરો ચૂમી લઉં છું.

# સંગ ચલે ન અધેલા.

સંકલન તંત્રી

(એક બોધ કથા)

(મૃત્યુ પછી શરીર સાથે એકઠી કરેલી સંપત્તિમાંથી એક અડધો પૈસો પણ સાથે લઈ જઇ શકવાના નથી.)

એક રાજા હતો. તેને એવી ધૂન ચઢી કે પ્રજા પાસે જે કોઇ પૈસો છે તે બધો મારી તિજોરીમાં આવી જવો જોઇએ. એટલે એણે જુદી જુદી કિંમતી વસ્તુઓ સસ્તા ભાવે વેચવા કાઢી. પરિણામે લોકો જરૂરત ન હોય તો પણ ખરીદવા લાગ્યા. એમ કરતાં એવી પરિસ્થિતિ ઉભી થઇ કે લોકો પાસે જીવનજરૂરિયાતની વસ્તુ ખરીદવા પણ બહુ ઓછા પૈસા રહ્યા.

વળી રાજાએ એવી જાહેરાત કરી અમારી મુલાકાત એ જ માણસોએ લેવી જેને કંઇ આપવાનું હોય, માગવાનું હોય તે ન આવે.

પરિણામે બધા બહુ પીડા અનુભવવા લાગ્યા. એવામાં એક સંન્યાસી મહારાજ એ રાજ્યમાં આવી ચઢ્યા. એમને એમ થયું કે આ રાજાને કંઇ ઉપદેશની જરૂર છે પણ કંઇ આપવાનું હોય તો જ રાજા મુલાકાત આપે છે. તેથી એક દિવસ રાજાના મહેલના દરવાજે જઇને ઉભા રહ્યા. દરવાનને કહ્યું, 'અમારે રાજાને મળવું છે.' દરવાને સંન્યાસીનું ધ્યાન દરવાજે મૂકેલી નોટીસ ઉપર દોર્યું અને કહ્યું, 'અમારા રાજાને તે જ મળી શકે જેને કંઇ આપવાનું હોય,' રાજા કોઇને ભીક્ષા આપતા નથી.

સંન્યાસી મહારાજે કહ્યું, 'મારે કંઇ જોઇતું નથી, હું રાજાજીને કંઇક આપવા આવ્યો છું. દરવાને કહ્યું, 'આપ ઊભા રહો, હું રજા લઇને આવું.' દરવાને રાજાને કહ્યું, 'એક સંન્યાસી મહારાજ કંઇક આપવા આવ્યા છે, લેવા નહિ, તો અંદર મોકલું?

રાજાએ કહ્યું, 'આપવા આવ્યો હોય તો આવવા દેને. જલ્દી મોકલ.' સંન્યાસી મહારાજ અંદર ગયા. રાજાએ આવકાર આપી આસન આપ્યું અને પૂછ્યું આપ અમારા માટે શું લાવ્યા છો? સંન્યાસીએ કહ્યું 'એક નાની સરખી સોય છે. આ સોય આપ મૃત્યુ પામો પછી આપની સાથે લઇ જવાની છે કારણ કે મારા ગુરુદેવને એક ગુમડું થયું છે તેના ઉપર ડામ દેવા માટે એક સોયની જરૂર છે. તેથી અમને થયું આપશ્રીએ તો આટલું બધું ધન ભેગું કર્યું છે તો મારી એક સોય સાથે લઇ જવામાં આપને કોઇ ભાર નહિ પડે. પરંતુ અમારી શરત એટલી જ છે કે આ સોય આપે લઇ જ જવી પડે. રાજાએ કહ્યું, 'મૂકી જાઓ!'

સંન્યાસી મહારાજ સોય મૂકીને ચાલતા થયા. પછી રાજા વિચારવા માંડ્યો. આ સોય મૃત્યુ પછી કઇ રીતે લઇ જઇ શકાય! એણે પોતાના પ્રધાનને બોલાવી પૂછ્યું 'આ સંન્યાસી મહારાજની સોય મારા મૃત્યુ પછી ઉપર લઇ જવાની છે તો મારું મૃત્યુ થાય તો મારા શરીર સાથે સોયને પણ બાંધી દેજો.' પ્રધાનશ્રીએ કહ્યું, 'રાજાજી, માફ કરજો, પણ આ રીતે બાંધેલી સોય તમારી સાથે ઉપર ન આવે. એ તો અહીં જ સ્મશાનમાં જ રહી જાય. તમારા બળતા શરીર સાથે એ રાખ થઇને પડી રહે.' રાજાએ પૂછ્યું, 'એવો કોઇ રસ્તો ખરો કે આ સોય હું લઇ જઇ શકું? પ્રધાને કહ્યું, 'મહારાજ, આ સોય તો શું આપની વિશાળ

સંપત્તિમાંથી એક અડધો પૈસોય સાથે લઈ જઈ શકવાના નથી. રાજા આશ્ચર્ય પામ્યો. વિચારમાં પડી ગયો. તો પછી આ સોયનું કરવું શું? આપણે તો સંન્યાસી મહારાજને વચન આપ્યું છે કે હું મરતી વખતે સોયને સાથે લેતો જઈશ.

આમ થોડા દિવસ પસાર થઈ ગયા. રાજાને સોયની ચિંતા થવા લાગી. ત્યાં અચાનક એક દિવસ ઝરૂખામાંથી તેની નજર રસ્તા ઉપરથી પસાર થતા સંન્યાસી મહારાજ પર પડી. તેણે સિપાહીને સંન્યાસી મહારાજને બોલાવી લાવવા કહ્યું. સંન્યાસી મહારાજે કહ્યું મારી પાસે આજે આપવાનું કંઈ નથી. એટલે રાજા પાસે કઈ રીતે આવું? સિપાહીએ રાજાને વાત કરી કે સંન્યાસી મહારાજ પાસે આપવાનું કંઈ જ નથી તો તે કેવી રીતે આપની પાસે આવે! રાજાએ સિપાહીને કહ્યું આજે રાજાને કંઈ જોઈતું નથી પણ આપવા માગે છે. સંન્યાસી મહારાજ રાજા પાસે જઈને ઉભા રહ્યા. મહારાજ શી આજ્ઞા છે? બીજી કંઈ નહિ પણ આ તમારી સોય પાછી લેતા જાવ. હું મૃત્યુ પછી આને મારી સાથે લઈ જઈ શકું નહિ. એમ પ્રધાન કહે છે. સંન્યાસી મહારાજ કહે અરે ભલા માણસ, આટલી બધી સંપત્તિ તેં એકઠી કરી છે તે બધી લઈ જવાનો હોય તો આ મારી સોય તને શું ભારે પડવાની? રાજાએ કહ્યું, તમારી સોયે મને મૂંઝવી દીધો છે. તેના વિચારોથી મને કેટલાય દિવસની ઉંઘ આવતી નથી અને થાય છે આ બધી સંપત્તિ મારે અહીં જ મૂકીને જવી પડશે! તો એનું શું કરવું? સંન્યાસી મહારાજે કહ્યું એ સંપત્તિનું જે થવાનું હશે તે થશે પણ તમે જો આ સોય ન લઈ જઈ શકો તેમ હોવ તો આ બધી સંપત્તિ ભેગી કરવાનો અર્થ શું?



સંન્યાસી મહારાજના આ કથને રાજાના અંતરનો ઉઘાડ થયો અને ધીર ધીરે પોતે ભેગી કરેલી સંપત્તિ પ્રજામાં વહેંચવા લાગ્યો. સંન્યાસી મહારાજ તો એટલું જ કહીને વિદાય થયા **'સંગ ચલે ન અધેલા.'**

આજે આપણે દુનિયામાં અનેક ધનપતિઓને ધનના ઢગલા એકત્રિત કરતા જોઈએ છીએ પણ તેઓ કદી વિચારતા નથી કે આ બધું અહીં જ મૂકીને જવાના છીએ અને એ ધન એકત્રિત કરવા માટે કરેલા દુષ્કર્મોનું ફળ આગલા જન્મોમાં ભોગવવું જ પડે છે.

માણસ ફક્ત એટલું જ યાદ રાખે કે જરૂરત સિવાયનું વધારે પડતું ધન અનેક ઉપાધિઓ પેદા કરનારું બને છે. એટલે જીવવનું સૂત્ર બનાવો **'સંગ ચલે ન અધેલા.'** ભેગી કરેલી બધી જ ભૌતિક વસ્તુઓ અહીં જ મૂકી ખાલી હાથે જવાના છીએ.

જ્યારથી ત્રાજવા શોધાયા ત્યારથી વિશ્વાસનું વજન ઘટ્યું છે, જ્યારથી માણસને માપણામાં રસ પડ્યો છે ત્યારથી માણસાઈનું માપ ઘટ્યું છે.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# પૂજ્ય શ્રી યોગેશ્વરજી

—પ્રો.તરલાબેન દેસાઇ

પરમ શાંતિની પ્રાપ્તિ, બંધનની નિવૃત્તિ ને પરમાત્મ દર્શન માટે જે સાધનો છે તેમાં ભક્તિ એક નિરાળું સાધન છે. યોગ—જ્ઞાન—ઉપાસનાના ત્રણ મુખ્ય સાધનોમાં ભક્તિ કે ઉપાસનાનો માર્ગ વધારે સરળ, સીધો ને સર્વોપયોગી છે.

યોગ—જ્ઞાનમાર્ગે અમુક અધિકારી માણસો જ જઇ શકે છે જ્યારે ભક્તિનો રાજમાર્ગ બાળક, યુવાન, વૃદ્ધ, રોગી, નિર્બળ, અપંગ, નિરાધાર, નિર્ધન કે ન્યાતજાતના કોઇયે ભેદભાવ વિના મનુષ્યમાત્ર માટે ખુલ્લો છે.

પ્રભુની અંદર ખૂબ જ પ્રેમ થાય, બીજા કોઇ સંસારી પદાર્થને માટે નહીં પણ પરમાત્માને માટે જ ખૂબ પ્રગાઢ ને પ્રબળ અનુરાગનો ઉદય થાય ત્યારે પ્રેમ કે ભક્તિ થઇ કહેવાય.

કેવળ પ્રભુનું નામ લેવાથી, ટીલાંટપકાં કરવાથી, ભજન—કીર્તન કરવાથી, રામાયણ—ભાગવત જેવા ધર્મગ્રંથોની કથા કરવાથી જ કોઇ ભક્ત બની શક્તું નથી. ભક્તિ એટલી સહેલી વસ્તુ નથી. ભક્તિ તો શિરનો સોદો છે. જીવન સટોસટનો વ્યાપાર છે. શેરડીના સાંઠાને પીલીપીલીને તેમાંથી મધુમય રસ કાઢવામાં આવે છે, તેમ ભક્તિના રસને અગ્ર કરવા અતિ પરિશ્રમ કરવો પડે છે. અંગઅંગને ગાળીને તપાવી નાખવું પડે છે. વાસના, વિકાર, અહંતા—મમતાની આહુતિ આપી દિવ્ય ઇશ્વરી પ્રેમના અગ્નિને પ્રજ્વલિત કરવો પડે છે.

ઇશ્વર વિના બીજું કોઇ જ મારું નથી એ મમતાનો ભાવ હૃદયમાં વ્યાપી જવો જોઇએ. ઇશ્વરના સ્મરણ, મનન અને



કીર્તનમાં સ્વર્ગસુખ લાગવું જોઇએ.

ભક્તિ કે પરમાત્માનો પરમ પ્રેમ એ તો એક કલ્પવૃક્ષ છે. જેની શીતળ, પાવન છાયા નીચે બેસી માણસના શારીરિક, માનસિક ને આત્મિક ત્રણે જાતના તાપ અને કલેશ દૂર થઇ જાય છે. માણસની ચંચલતા શમી જાય છે ને તે સ્વર્ગસુખનો અનુભવ કરે છે.

ભક્તિ કે પ્રેમના આ પારસપથ્થરનો સ્પર્શ કરી કેટકેટલા લોહપુરુષો સુવર્ણ જેવા સુંદર, શુભ્ર મૂલ્યવાન બની ગયા. કેટકેટલાં નારદ, ઉદ્ધવ, શબરી, મીરાં ને ગોપીઓ કૃતાર્થ—ધન્ય બની ગયાં! આજે પણ કેટલાંય નરનારી આ પ્રેમના મહેરામણમાં ન્હાઇ, મંગળસ્વરૂપ ધારણ કરીને સંસારમાં શોભી રહ્યાં છે.

પ્રભુપ્રેમની પ્રતીતિ કરી ભક્તને બીજા કોઇયે સંસારના પદાર્થનું સેવન કરવાની જરૂર રહેતી નથી. એનો બધો જ ભાર કૃપાળુ પ્રભુ પોતે ઉપાડી લે છે. તેના તે રક્ષક—પાલક પિતા બની જાય છે.

શાસ્ત્રો અને સંતો સ્પષ્ટ કહે છેઃ ‘જેમનાં અંતઃકરણ નિર્મળ, દુન્યવી આકર્ષણો ઓસર્યાં હોય, જેમનામાં વિવેક, વૈરાગ્ય, શમદમ સુદૃઢતા પર પહોંચ્યાં હોય, જેમને જીવનમાં પરમાત્માને પામવાની જ કામના હોય તેવા વિરલ આત્માઓ પરમાત્માની પ્રેમભક્તિથી સંપન્ન બને છે, એ પરમાત્માના પ્રેમજગતમાં જ જીવે છે ને પરમાત્મા માટે જ શ્વાસ લે છે.’

(અલબત્ત) દેવર્ષિ નારદ કહે છે તેમ; ‘પ્રકાશતે ક્વાપિ પાત્રે’ અર્થાત્ ‘પરમાત્માનો પ્રેમ કે ભક્તિભાવ કોઇક વિરલ આત્મામાં જ પ્રગટે છે.’

# પારમાર્થિક ઉન્નતિ ધનના આધારે નથી (૨)

—સ્વામી રામસુખદાસ

ગુરુની સેવા, ધર્મનું અનુષ્ઠાન રૂપિયાને આધીન છે—એવી જેમની ધારણા છે, તેઓ મારી વાત સમજી જ નથી શકતા. કારણ કે તેઓ રૂપિયામાં જ એકદમ રચ્યાપચ્યા રહ્યા છે. મનમાં, બુદ્ધિમાં બધી જગાએ રૂપિયા જ રૂપિયા છે. તે શું સમજે બિચારા? **'માયાકો મજૂર બંદો કહા જાને બંદગી ।'** એક સંતની પાસે કોઈ ધનિક માણસ આવ્યો અને તેણે એક કીમતી શાલ ભેટ આપી. સંતે કહ્યું—'ભાઈ અમને જરૂરત નથી. શું કરીશું?' તો તેણે કહ્યું કે મહારાજ, કામ આવી જશે. સંતે તેને પૂછ્યું કે વાત શું છે? શા માટે આપો છો? ત્યારે તેણે કહ્યું—'મહારાજ, તમને આપવાથી હજાર ગણું પુણ્ય થશે, એટલા માટે આપું છું.' આવું સાંભળીને સંતે કહ્યું—મારી ઉપર એક હજારનું દેવું થયું; તેથી હમણાં એક તો તું લઈ જ જા, બાકી નવ સો નવ્વાણુંનું દેવું મારી ઉપર રહ્યું. આવું સાંભળીને તે માણસ ચુપચાપ કીમતી શાલ લઈને ચાલ્યો ગયો.

એક લઈ લઈએ અને બદલામાં હજાર આપવા પડે—આટલું દેવું કોણ ઉઠાવે? આ બધા કાંટા (તોલ) કરવાવાળા અને વ્યાજ લેવાવાળા પણ આટલું તો લેતા નથી! ધનને જ ઊંચો દરજ્જો આપી દીધો છે. ધન આપવામાં, દાન—પુણ્ય કરવામાં પણ ભાવ લેવાનો જ રહે છે. હવે એવા મૂરખને કોણ સમજાવે? મનુષ્યમાત્રમાં તાકાત છે કે જો તે નિષ્પક્ષ થઈને સરળ હૃદયથી સમજવા ચાહે તો ઘણી ઘણી સાત્ત્વિક વાતોને પણ સમજી શકે



છે. એટલી સમજ માણસને ભગવાને આપી છે. પરંતુ માણસે પોતાની બધી સમજ પૈસામાં લગાડી દીધી અને પૈસામાં જ નહીં, પૈસાની સંખ્યા વધારવામાં લગાડી દીધી. એટલું જ નહીં, પોતાની સમજ પાપોમાં, ચાલાકીઓમાં જોડી દીધી કે કેવી રીતે આવકવેરાની ચોરી કરવી, કેવી રીતે વેચાણવેરાની ચોરી કરવી, આવવાવાળાઓને કેવી રીતે ઠગવા, વગેરે વગેરે. જેટલી બુદ્ધિમાની હતી, બધેબધી પાપ સમેટવામાં લગાડી દીધી. અંતઃકરણ મહાન અશુદ્ધ થઈ જાય, આગળ નરકોમાં જવું; ચોરાસી લાખ યોનિઓમાં દુઃખ ભોગવવાં—એમાં પોતાની સમજદારી લગાડી દીધી. લોકો કહે છે વાહ—વાહ, આ લખપતિ બની ગયો, કરોડપતિ બની ગયો. ઘણો હોશિયાર, ચાલતો પૂરજો છે, આ પૂરજો ચાલતો (જન્મતો—મરતો) જ રહેશે, બસ. હવે એને વિશ્રામ નહીં મળશે, કલ્યાણ નહીં થશે. પણ આ વાતને સમજે કોણ?

સત્સંગ વગેરેમાં કોઈ પૈસા વાપરી દે તો તેનો ઘણો મહિમા થાય છે. લોકો કહે છે કે અમુક માણસે ઘણું ભારે પુણ્ય કર્યું. પરંતુ હરીકતમાં તે બિચારો મારથી બચી ગયો! પુણ્ય કરવાનો અર્થ કર આપવો. ધનિક માણસ જે સારા કામમાં ધન વાપરે છે, તે તેમનો કર છે. કર ચૂકવવાનો મહિમા નથી હોતો. દસ હજાર રૂપિયા કર આપી દીધો તો એ નથી કહેતા કે મોટું દાન કરી દીધું. કર આપીને તો તે મારથી બચી ગયો, નહીં આપત તો ડંડા પડત, એટલા માટે દાન—પુણ્ય કરવાં કોઈ મોટી વાત નથી, આ તો જે ધન રાખે છે, તેનો કર છે. અગત્યની વાત તો એ છે કે ભગવાનના ભજનમાં લાગી જાઓ, ભગવાનની પ્રાપ્તિ કરી લો.

સગુણ શું છે? નિર્ગુણ શું છે? સાકાર શું છે? નિરાકાર શું છે? બંધન શું છે? મુક્તિ શું છે? આવી બાબતોને યોગ્ય રીતે સમજી લો.

તમારી પાસે પૈસા છે તો પૈસા પર કર લાગશે. તમારી પાસે વિદ્યા છે તો વિદ્યા પર કર લાગશે. એમને બીજાઓની સેવામાં લગાડો. સરકાર તો પોતાનો કર કાન પકડીને જબરજસ્તીથી લઇ લેશે. પરંતુ જ્યાં ધર્મની વાત છે, તમે રાજી થઇને આપશો તો લઇ લેશે, નહીં તો તમારા પર દેવું રહેશે.

ધર્મને માટે તો સાચા પૈસાની પણ જરૂરત નથી, પછી પાપથી કમાયેલા પૈસાની શું જરૂરિયાત છે? આપણા ઘરમાં પાણીનો નળ લાગ્યો છે, તો એનો મતલબ એ નથી કે આપણે ધોયેલાં કપડાંને કીચડથી મેલાં કરી લઇએ અને તેમને પાણીથી ધોઇએ. એવી જ રીતે જૂઠાણું, કપટ, બેઇમાની કરીને કમાયેલા પૈસાથી ધર્મ કરો છો, તો પછી પહેલાં પાપ કરો છો જ શા માટે? કપડાંમાં એક જરા કીચડ લાગી જાય, તો એ જરા પાણીથી સાફ થતું નથી. પણ કેટલુંય પાણી બગાડવાથી પણ બહારથી ભલે કીચડ જાય, પણ ભીતરથી ગંદકી બાકી રહી જાય છે. એટલા માટે ધર્મને માટે પણ જે પાપ કરે છે કે પાપ કરીને પૈસા કમાવા અને પછી તેને સારા કામમાં વાપરવા, તો તેના પૈસા સારા કામમાં વપરાશે જ નહીં અને વપરાશે તોપણ તે પાપથી શુદ્ધ થશે નહીં. બધેબધા વાપરી દેશે, તોપણ તે પાપ દૂર થશે નહીં. જો ધર્મ કરવાની તમારી ઇચ્છા હોત તો પહેલાં પાપ કરત જ નહીં. જો પાપ કરો છો, તો ફક્ત લોકોને દેખાડવાને માટે ધર્મ કરો છો. ધર્મની ભાવના દિલમાં છે જ નહીં. સાચા ધર્મનું તત્ત્વ જાણવાવાળો



ધર્મને માટે પાપ કરી જ શકતો નથી.

## સાચી કમાઇ એટલું શું?

એક ઘણા સદાચારી અને વિદ્વાન બ્રાહ્મણ હતા. તેમના ઘરમાં ઘણું કરીને ખોરાક—કપડાંની તંગી રહેતી હતી. સાધારણ નિર્વાહમાત્ર થતો હતો. ત્યાંના રાજા ઘણા ધર્માત્મા હતા. બ્રાહ્મણીએ પોતાના પતિને કેટલીય વાર કહ્યું કે તમે એક વાર તો રાજાને મળી આવો, પણ બ્રાહ્મણ કહેતા કે ત્યાં જવાને માટે મારું મન થતું નથી. બ્રાહ્મણીએ કહ્યું કે હું તમને માગવાને માટે કહેતી નથી. ત્યાં જઇને તમે કશું માગશો નહીં, ફક્ત એક વાર જઇને આવી જાઓ. વધારે કહ્યું તો પત્નીની પ્રસન્નતાને માટે તેઓ રાજાની પાસે ચાલ્યા ગયા. તેઓ ઘણા ત્યાગી ગૃહસ્થ બ્રાહ્મણ છે જાણીને રાજાએ તેમનો ઘણો આદર—સત્કાર કર્યો અને કહ્યું કે તમે ફરીથી એક દિવસ આવજો. હાલમાં તો તમે તમારી મરજીથી આવ્યા છો, મારા પર કૃપા કરીને એક દિવસ પાછા મારી મરજીથી આવશો. આમ કહીને રાજાએ તેમની પૂજા કરીને આનંદપૂર્વક તેમને વિદાય કરી દીધા. ઘેર આવ્યા ત્યારે બ્રાહ્મણીએ પૂછ્યું કે શું આપ્યું? બ્રાહ્મણ બોલ્યા—આપ્યું શું, તેમણે કહ્યું કે એક દિવસ પાછા આવો. બ્રાહ્મણીએ વિચાર્યું કે હવે માલ મળશે. રાજાએ નિમંત્રણ આપ્યું છે, એટલા માટે હવે જરુર કંઇક આપશે.

એક દિવસ રાજા રાત્રે પોતાનો વેશ બદલીને, ઘણા ગરીબ માણસનાં કપડાં પહેરીને ફરવા લાગ્યા. ઠંડીના દિવસો હતા. એક લુહારને ત્યાં કઢૈયું બની રહ્યું હતું. તેમાં ઘણ મારવા માટે માણસની જરુર હતી. રાજા આ કામ માટે તૈયાર થઇ ગયા.

લુહારે કહ્યું કે એક કલાક કામ કરવાના બે પૈસા આપવામાં આવશે. રાજાએ ઘણા ઉત્સાહથી, ઘણી તત્પરતાથી બે કલાક કામ કર્યું. રાજાના હાથોમાં છાલાં પડી ગયાં, પરસેવો આવી ગયો, ઘણો શ્રમ પડ્યો. લુહારે ચાર પૈસા આપી દીધા. રાજા પેલા ચાર પૈસાને લઇને આવી ગયા અને આવીને હાથો પર પટ્ટી બાંધી. ધીરે ધીરે હાથોમાં પડેલાં છાલાં ઠીક થઇ ગયાં.

એક દિવસ બ્રાહ્મણીના કહેવાથી પેલા બ્રાહ્મણ–દેવતા રાજાને ત્યાં પાછા આવ્યા. રાજાએ તેમનું ઘણું માન કર્યું, આસન આપ્યું, પૂજન કર્યું અને તેમને પેલા ચાર પૈસા ભેટ આપી દીધા. બ્રાહ્મણ ઘણા સંતોષી હતા. તેઓ પેલા ચાર પૈસાને લઇને ઘેર પહોંચ્યા. બ્રાહ્મણી વિચારી રહી હતી કે આજે ખૂબ માલ મળશે. જ્યારે તેણે ચાર પૈસા જોયા તો કહ્યું કે રાજાએ શું આપ્યું અને શું તમે લીધું! તમારી જેવા પંડિત બ્રાહ્મણ અને આપવાવાળા રાજા! બ્રાહ્મણીએ ચાર પૈસા ફેંકી દીધા. જ્યારે સવારે ઉઠીને જોયું તો ચાર ઠેકાણે સોનાની ડૂંબ જોવામાં આવી. સાચું ધન ઊગી જાય છે. સોનાની પેલી ડૂંબીને તેઓ રોજ કાપતા અને બીજે દિવસે તે ફરીથી ઊગી જતી. તેને ખોદીને જોયું તો મૂળમાં પેલા જ ચાર પૈસા મળ્યા! રાજાએ બ્રાહ્મણને અન્ન નહીં આપ્યું, કેમ કે રાજાનું અન્ન શુદ્ધ નથી હોતું, ખરાબ પૈસાનું હોય છે. દારૂ વગેરેના પર લાગેલા કરના પૈસા હોય છે. ચોરોને દંડ દેવામાંથી મળેલા પૈસા હોય છે—એવા પૈસા આપીને બ્રાહ્મણને ભ્રષ્ટ કરવો નહીં. એટલા માટે રાજાએ પોતાની ખરી કમાઇના પૈસા આપ્યા. તમે પણ ધાર્મિક અનુષ્ઠાન વગેરેમાં તમારી ખરી કમાઇનું ધન વાપરશો. અરે, ચેતી જાઓ.



સજ્જનો! પોતાનો ઉદ્ધાર કરી લો, હજુ તક છે. ભગવાને ઘણી કૃપા કરીને આ માનવ–શરીર આપ્યું છે. આ માનવ–શરીર ભગવાનનું ભજન કરવાને લાયક છે, એટલા માટે એને નકામું નાશ ન થવા દો. આ સંસારમાં આપણું કોઇ પણ નથી, આપણા તો એક પરમાત્મા જ છે. આ જે તમારી પાસે ધન છે. શરીર છે, યોગ્યતા છે, એ સંસારની સેવાને માટે છે. શરીર પણ તમારું નથી, મન–બુદ્ધિ–ઇન્દ્રિયો પણ તમારાં નથી. કુટુંબ પણ તમારું નથી, રૂપિયા–પૈસા પણ તમારા નથી. એ બધું તો બીજાઓની સેવા કરવાને માટે છે. આપણા માટે તો માત્ર પરમાત્મા જ છે. આનાથી પણ ઉત્તમ વાત છે કે તમે પરમાત્માને માટે થઇ જાઓ. પોતાને માટે પરમાત્મા પાસેથી કંઇ પણ ન ઇચ્છો. જે પરમાત્માથી કાંઇ પણ નથી ઇચ્છતો, તેની ગરજ પરમાત્મા કરે છે!

**'સાદા કુદરતી ઉપચાર' લેખ અંગે ખાસ વિનંતિ**

ઓગસ્ટ, ૧૬ના છેલ્લા અંકના પાના ૨૩ ઉપરના પેરામાં જણાવ્યા પ્રમાણે પ્રજ્ઞાચક્ષુ વૈદરાજ શ્રી ધુર્જટિ મહેતાને ગમે ત્યારે ફોન ના કરે ફક્ત સોમવારે સવારે ૧૦ વાગે ફોન નંબર જણાવેલ છે, તે પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી લેવું.

આદરણીય વૈદરાજને જો કોઇ ખલીલ પહોંચી હોય તો ક્ષમા કરે.

—તંત્રી

# ભારતીય સંસ્કાર

—ડૉ. શરદ ઠાકર

પત્ર લખી લીધા પછી ડૉ. નિમિત્ત નાણાવટી ફરી એક વાર પોતાના જ લખાણ ઉપર નજર ફેરવી ગયા—પૂજ્ય પપ્પા, તમને આ જાણીને દુઃખ અને આઘાતની લાગણી થશે, પણ હવે સમય આવી ગયો છે જ્યારે મારે અહીંની સ્થિતિ વિશે સત્ય જણાવી જ દેવું જોઇએ. હું જાણું છું કે તમે કેટલી હાડમારી ભોગવીને મને ડૉક્ટર બનાવ્યો છે. માએ પણ ક્યારેય સારી સાડી પહેરી નથી. એમ.બી.બી.એસ. પૂરું થયા પછી મેં આગળ ભણવાને બદલે સરકારી નોકરી લઇ લેવાની કેટલી જીદ કરેલી? પણ તમે ન માન્યા. હું આગળ વધ્યો, પોસ્ટ ગ્રેજ્યુએશન પૂરું કર્યું. એમ.ડી.ની ડિગ્રી મેળવી. પછી પણ તમે મને આપણા દેશની ગળાકાપ હરીફાઇથી ખબબદતા બજારમાં ધકેલી દેવાને બદલે વધુ સારા ભવિષ્ય માટે અહીં મોકલ્યો. તમારી જેમ મને પણ હતું કે અહીં ઇંગ્લેન્ડમાં મને મનગમતી ‘જૉબ’ અને રણકતી કમાણી મળી રહેશે, પણ અહીં આવ્યા પછી મને જાણવા મળ્યું કે ડુંગરા દૂરથી રળિયામણા લાગે છે. ડૉક્ટરોમાં બેકારીનું પ્રમાણ વધતું જાય છે. અંગ્રેજો ભલે બોલીને બતાવે નહીં, પણ એમના મનમાં રહેલો રંગભેદ એમના વર્તનમાં ડોકતો રહે છે. છેલ્લા દસ મહિનામાં જુદી જુદી હૉસ્પિટલોમાં, અલગ—અલગ શહેરોમાં એક્સો સાડત્રીસ વાર નોકરી માટે અરજીઓ કરી ચૂક્યો છું. સ્કૉટલેન્ડથી માંડીને દક્ષિણ ઇંગ્લેન્ડ સુધીના વિસ્તારમાં એક શહેર બાકી રાખ્યું નથી. પણ હવે મારી હિંમતે જવાબ દઇ દીધો છે. સાથે લાવેલા રૂપિયા ખૂટવા આવ્યા છે. જ્યાં પેઇંગ—ગેસ્ટ તરીકે રહું છું ને જમું છું, એને આપવા માટેના પાઉન્ડ પણ બચ્યા નથી. બસ, ઔર



નહીં, અબ ઔર નહીં! ગમકે પ્યાલે ઔર નહીં! આજે ઇન્ટરવ્યૂમાં ‘ના’ સાંભળવા મળે એ પછી મારે આ દેશમાં રહેવું નથી. ક્યાંક આછી—પાતળી નોકરી (રેસ્ટોરાંની કે બીજી ગમે તે) સ્વીકારીને ટિકિટ જેટલા પૈસા કમાઇ લઉં, એ પછી અહીંથી નીકળી જવાની ઇચ્છા છે. મારો નિર્ણય કપરો હશે, પણ ખોટો નથી. તમે હિંમત ન હારશો, હું તો હારી ગયો છું. માને કહેજો કે ચિંતા ન કરે. ઇન્ડિયામાં હું પેટપૂરતું તો રળી જ લઇશ.

લિ. તમારા પરાજિત પુત્ર નિમિત્તના વંદન.

પત્ર પૂરો થયો ત્યાં સુધીમાં ડૉ. નિમિત્તની આંખો પાણીથી છલકાઇ ગઇ. એણે જે લખ્યું હતું એ વાસ્તવિકતાથી ઘણું અલ્પ હતું, તો પણ એને વિશ્વાસ હતો કે પત્ર વાંચીને એનાં મમ્મી—પપ્પા રડી ઊઠશે. પણ શું થાય? બીજો કોઇ રસ્તો જ બચ્યો ન હતો. સગાંવહાલાંની શરમમાં રહીને પરદેશમાં બેકાર પડ્યા રહેવાનો કશો અર્થ ન હતો. ડૉ. નિમિત્તે સરનામું લખ્યું. પછી કપડાં બદલ્યાં અને તાળું વાસ્યું. ઇન્ટરવ્યૂને થોડીક વાર હતી, પણ ગાડીમાં પેટ્રોલ પૂરાવવાનું હતું. આ પત્ર પોસ્ટ કરવાનો હતો, બ્રેડ ખરીદવાની હતી અને પછી દસ માઇલ દૂર આવેલા ઇન્ટરવ્યૂના સ્થળ ઉપર પહોંચવાનું હતું. એ જૂની, ખખડી ગયેલી, સેકન્ડ—હેન્ડ ગાડીમાં બેઠો અને નીકળી પડ્યો.

ચાર રસ્તા પાસે જ ફ્યુઅલ સ્ટેશન હતું. ત્યાં ત્રણ—ચાર વાહનો લાઇન લગાવીને ઊભાં હતાં. અહીં આપણા ઇન્ડિયા જેવું ન હતું કે તમે ગાડીમાં બેસી રહો અને પેટ્રોલપંપનો કર્મચારી તમારી ગાડીમાં પેટ્રોલ ભરી આપે. અહીં તો આખો દેશ સેલ્ફ સર્વિસના સિદ્ધાંત ઉપર ચાલી રહ્યો છે. દરેક વાહનચાલકે જાતે જ ગાડીમાંથી ઊતરવાનું, પેટ્રોલનો પાઇપ હાથમાં લઇને ટાંકીમાં જોઇતું પેટ્રોલ ભરી લેવાનું અને પાઉન્ડ ચૂકવી દેવાના. પાછું બધું

જ કામ ચુસ્તી અને સ્ફુર્તિદાયક કરતાં રહેવાનું. એમાં ઢીલાશ કે સમયનો બગાડ ન ચાલે. પાછળ ઊભેલા વાહનચાલકો બોલ્યે કે વગર હૉર્ન માર્યે ઉતાવળ દર્શાવી જ રહ્યા હોય.

ડૉ. નિમિત્તનો વારો આવ્યો, એમણે પેટ્રોલ પૂરી લીધું ને પછી પોતાની ગાડીને જરાક આગળ લીધી. પણ ત્યાં જ પાછળ કશોક બોલાશ સંભળાયો, એટલે એમણે રીઅર–વ્યૂ–મિરરમાં નજર ફેંકી લીધી. એક કિંમતી મર્સિડિઝ કારમાં એક વયોવૃદ્ધ દંપતી બેઠું હતું. પુરૂષની ઉંમર એંશીથી પણ વધારે લાગતી હતી. સાથે એટલી જ વયની એમની પત્ની બેઠી હતી. વૃદ્ધ પુરૂષ પેટ્રોલ પૂરવા માટે ગાડીમાંથી બહાર તો નીકળ્યો, પણ એમનાથી બરાબર ઊભું રહેવાતું ન હતું. અંગો ધ્રૂજતાં હતાં. હાથમાં તાકાત રહી ન હતી અને પેટ્રોલ પૂરવાનું યંત્ર પણ તદ્દન આધુનિક હતું. એ વૃદ્ધને શું કરવું એની સમજ ન પડી. અંતે થાકીને એણે પાછળની ગાડીમાં બેઠેલા એક યુવાનને વિનંતી કરી, 'વિલ યુ બી કાઇન્ડ ઇનફ ટુ હેલ્પ મી, માય સન...?' ગાડીમાં એક નહીં, પણ ચાર યુવાનો બેઠેલા હતા. ચારેય અંગ્રેજ હતા. એમાંથી ત્રણ હસ્યા અને ચોથાએ મશ્કરી કરી, 'પેટ્રોલ પૂરવાની તાકાત ન હોય, તો પછી બહાર શા માટે નીકળતા હશો? ડોસીને લઇને ઘરમાં જ પૂરાઇ રહેતાં શું થાય છે?' બાપડો ડોસો એમને છોડીને પાછળની કાર તરફ સરક્યો. પણ એમાં તો બે કાળા હબસીઓ બેઠા હતા. એમાંના એકે લાલઘૂમ ડોળા કકડાવ્યા, 'હૈ...ઇ, યુ...! ઓલ્ડ ફુલ! ગેટ આઉટ ઑફ ધી વે! વી આર ગેટિંગ લેઇટ...' એની હિંસક બૉડી–લેન્ગ્વેજ જોઇને વૃદ્ધ ડરી ગયો. પોતાની કાર રસ્તામાંથી હટાવી લેવા માટે એ પાછો ફર્યો. પણ આ શું? એણે જે દશ્ય જોયું, એ જોઇને એ આભો જ બની ગયો. ડૉ. નિમિત્ત પોતાની ગાડીમાંથી નીચે ઊતરીને એ વૃદ્ધની મર્સિડિઝમાં પેટ્રોલ



પૂરી રહ્યો હતો. પછી વૃદ્ધના હાથમાંથી પાઉન્ડ્ઝ લઇને ચુકવણી પણ એણે જ પતાવી દીધી. બિલ પણ ડેશ–બોર્ડના ખાનામાં મૂકી આપ્યું. જાતે ગાડી ચલાવીને એક બાજુએ સલામત જગ્યા પર ગોઠવી આપી. પછી વૃદ્ધને વિનંતી કરી, 'પ્લીઝ, ટેઇક યોર સીટ, સર! કેન આઇ ડુ એનિથિંગ મોર ફોર યુ?'

ડોસા–ડોસીની ચારેય આંખો વાંછટ વરસાવી રહી. વૃદ્ધે પૂછ્યું, 'ક્યાંનો છે, દીકરા? ઇન્ડિયાનો તો નહીં?'

'હા, સર! તમને કેવી રીતે ખબર પડી? મારી ચામડીના રંગ પરથી?'

'ના, માય સન! ચામડી પરથી તો માત્ર એટલી જ ખબર પડે કે છે કે તું એશિયન હોવો જોઇએ. અહીં અમે તમામ એશિયનોને 'પાકી' કહીને બોલાવીએ છીએ. પણ તમારા ઇન્ડિયા સિવાય એશિયાનો એક પણ દેશ આવા સંસ્કારી બેટાઓને જન્મ આપતો નથી.' વૃદ્ધના ચહેરા પરની કરચલીઓમાં પ્રેમભર્યું સ્મિત પથરાઇ ગયું, 'માય સન, આઇ એમ મિ. ફ્રેડરિક વિલ્સન. હું બ્રિટનની પાર્લામેન્ટનો મેમ્બર છું. મારે લાયક કંઇ કામ હોય તો...આ દેશમાં તને કશી મુશ્કેલી હોય...તને ક્યાંક સારી જૉબ માટે મારી ભલામણની જરૂર હોય...તો વિના સંકોચે બોલી નાખજે. દીકરા, તને પણ ખબર પડશે કે લંડનમાં આ ઘરડા ફ્રેડીનું કેટલું વજન પડે છે!'

ડૉ. નિમિત્તનો હાથ ખિસ્સામાં પડેલા પત્રને ફાડી નાખવા માટે અધીરો બની ગયો.

ડૉ. નિમિત્ત છેલ્લા બે દાયકાથી ઇંગ્લેન્ડમાં છે. વૃદ્ધની ભલામણથી એને ખૂબ સારી હૉસ્પિટલમાં 'જૉબ' મળી ગઇ હતી. જે કામ ડિગ્રીથી નથી થતું, એ ક્યારેક તમારા સંસ્કારને કારણે થઇ જતું હોય છે. **(સત્યઘટના)**

# હે મારા મન, તું ભગવાં કે સફેદની ઝંઝાળમાં ના પડીશ.

—યોગેશ્વરજી

ભાઈ નારાયણ,

(પૂ.યોગેશ્વરજીએ યુવાનીના પ્રારંભે એટલે ૨૧ વર્ષની વયે પોતાના વિચારો ને ભાવોને કેવી સરસ રીતે પ્રગટ કર્યાં છે. તેથી તેઓ એક સાચા મહાન સંત બની શક્યા. અમે ઈચ્છીએ કે આ પત્રનું વાંચન દરેક વાંચકને ઢંઢોળે ને પ્રભુના માર્ગે પગલાં ભરે તેવી પ્રેરણા ધરે.)

વસ્તુસ્થિતિ જુદી જ બની છે. સરકારી નોકરી પસંદ કરત પરંતુ ભાદરણ વિના બીજી કોઇ જગાનો હુકમ ન હતો. ને ભાદરણની વાત તો મેં તને આપણે મળેલા ત્યારે કરેલી, એટલે તું ત્યાંના વાતાવરણથી તથા માણસોથી ને મારા અનુભવથી પરિચિત છે જ. એવા સ્થળે જવાનું મને બહુ પસંદ નથી. ને તે પણ હુકમ માત્ર એક મહિનાનો છે. એક મહિના પછી પાછું આવવું જ પડે! તે પછી શું? પાછું કંઇક શોધવું તો રહ્યું જ. આવી મુશ્કેલીમાં હતો ત્યાં તો રસ્તો સ્પષ્ટ થયો. અહીં બોર્ડીંગમાં જ રહી શકાય તેવી વ્યવસ્થા થઇ. અહીંના ગૃહપતિએ મને અહીં જ રહેવા કહ્યું. વિદ્યાર્થીઓની દેખરેખ રાખવાની. તેમની સાથે રહેવાનું. રસોડે જમવાનું ને તેમનામાં સારી કેળવણીનો પ્રસાર થાય એવું કામ કરવાનું. બીજો કોઇ ઉપાય નહિ હોવાથી, મેં હા કહી. એટલે આજથી કે કાલથી જ અહીંઆ



વિદ્યાર્થીઓ સાથે રહેવાનું શરૂ કરીશ. આમ પણ બહારગામ કોઇ નોકરી મળત તો તેમાંથી મકાનભાડું, ખાવાનું, સાબુ, કાગળખર્ચ, દૂધખર્ચ, બધું નીકળતા ને ઘેર મોકલતાં ભાગ્યે જ કંઇક બચત. ભાદરણમાં પણ આમ જ થતું તો પછી અહીં શું ખોટું છે? અહીં તો વિદ્યાર્થીઓ સાથે રહીને કામ પણ સારા પ્રમાણમાં કરી શકાય. તેમના આંતરજીવનમાં પ્રવેશ કરીને તેને યોગ્ય વળાંક આપી શકાય તથા તેમાં અનેક અંશે પરિવર્તન કરી શકાય. એટલે હમણાં તો અહીં જ સારું છે.

કાંઇ બહારનું વાંચન ચાલે છે કે નહિ? મેં હમણાં સ્વામી વિવેકાનંદનું જીવન, પાતંજલ યોગદર્શન તથા મણિરત્નમાલા વાંચ્યાં છે. અત્યારે ‘હ્યુ-એન-સંગ’ વાંચું છું. સ્વામી વિવેકાનંદજીનું જીવન ખરે જ અદ્ભુત છે. એવાં પુસ્તકો ફરી ફરી વાંચવાનું મન થાય એ સ્વાભાવિક છે. તેમનો જુસ્સો અજબ હતો. તેમની નિઃસ્પૃહતા વિષે પણ કાંઇ કહેવાનું નથી. તેમની વૈરાગ્યવૃત્તિ તો ખરે જ આશ્ચર્યચકિત કરનારી છે. જ્યારે તેમને સંન્યાસ ધારણ કરવાની ઈચ્છા હતી ને તેમની માતાને માટે (ગુજરાન માટે) કશી વ્યવસ્થા ન હતી તે વખતનો પ્રસંગ યાદ છે? તે રામકૃષ્ણ પાસે ગયા ને બધી વાત કહી. રામકૃષ્ણે કહ્યું : કાલિકા પાસે જા ને ધન માગ. વિવેકાનંદ આનંદમાં આવ્યા. કાલિકા પાસે જઇને એ ઊભા. ધારત તો તેઓ આખું સામ્રાજ્ય માગી શકત. કદાચ ત્રિલોકનું રાજ્ય માગ્યું હોત તો પણ તેમને મળી શકત. પરંતુ વિવેકાનંદ તો જગન્માતાનું સુંદર રૂપ જોઇને બધુંય માગવાનું ભૂલી ગયા. તેમણે તો કહ્યું : જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય, માતા, એ વિના કશુંય ના જોઇએ.

માતાએ કહ્યું : તથાસ્તુ. વિવેકાનંદ પાછા આવ્યા.

રામકૃષ્ણે પૂછ્યું : કેમ માગી લીધું?

વિવેકાનંદ કહે : હું તો બધું જ ભૂલી ગયો. મેં તો જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય જ માંગ્યાં.

રામકૃષ્ણે કહ્યું : અરે, ભલા માણસ, જા, ફરીથી મા પાસે જા ને પૈસા માગ.

વિવેકાનંદ ફરી ગયા પરંતુ ફરીયે તે તો જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય માગીને આવ્યા.

ત્રણ ત્રણ વખત આમ થયું. છેવટે રામકૃષ્ણે કહ્યું : જા તારી માતાને ખાવાપીવાની ને વસ્ત્રની તંગી પડશે નહીં. પછી વિવેકાનંદ સંન્યાસી થયા.

રામકૃષ્ણ તો બ્રહ્મનિષ્ઠ હતા. તેમનું પત્ની પ્રત્યેનું વર્તન જાણીતું છે. આપણે બધુંય વાંચીએ છીએ. આપણામાંના ઘણાખરા આવા મહાન સંતસાધુઓનાં જીવન વાંચે છે પરંતુ તેનું આચરણ કેટલા કરે છે? રામકૃષ્ણે પત્ની પ્રત્યે જે પ્રેમ બતાવ્યો તેવો ને તેના જેવો શુદ્ધ પ્રેમ કેટલા બતાવી કે જાળવી શકે છે? અરે, પતિપત્નીમાંનાં કેટલાં એકમેક પ્રત્યે સંપ રાખી શકે છે? ખરી રીતે તો આપણી લગ્નસંસ્થા લથડી પડી છે ને શિક્ષિત વર્ગમાં તો તેની વિકૃતિ બહુ જ ભયંકર રીતે પ્રત્યક્ષ થાય છે. રામતીર્થના વિદ્યાર્થી જીવનમાં જે સાદાય ને સંયમ જડે છે તે બીજે કેટલે ઠેકાણે જડશે? ખરું કહીએ તો આપણે યુવાન છીએ પણ આપણામાં યુવાની નથી, મનોબળ નથી, કોઈ આદર્શ માટે મરી ફીટવાની તમન્ના નથી. સંયમી જીવન નથી. મહાન પુરુષોનાં જીવન આપણે વાંચીએ છીએ પણ તેથી શું? તેની અસર આપણા હૃદયમાં ઉતરે



ત્યારે જ સાચું વાંચન થયું ગણાય. ખરી રીતે તો કોઈ પણ મહાન થઈ શકે છે. તેને માટે કાંઈ ડીગ્રીની (ઉપાધિની) કે પ્રખ્યાતિની જરૂર પડતી નથી. જે સ્થિતિ બુદ્ધે પ્રાપ્ત કરી હતી તે આપણે પણ પ્રાપ્ત કરી શકીએ ને જે સ્થિતિને લીધે ગાંધીજી પુજાય છે તે સ્થિતિએ આપણે પણ સ્થિત થઈ શકીએ. ઈશુ તો શું તેનાથી પણ ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાએ પહોંચી શકીએ. માત્ર તે માટે આપણો પ્રયાસ જોઈએ.

બુદ્ધે જે ત્યાગવૃત્તિ ને દયાની લાગણી ખીલવી હતી તે વૃત્તિ આપણે પણ ખીલવી શકીએ. ત્યારે જ આપણી મહત્તા છે. દરેક માણસે ધીરે ધીરે આસુરી વૃત્તિઓને વશ કરીને દૈવી વૃત્તિ મેળવવાની છે ને છેવટે સર્વે વૃત્તિઓની પર થઈ જવાનું છે. અખંડ જીવનમુક્તિ એ દરેક માણસનો ઈજારો છે પરંતુ તે મેળવવા માટે આવશ્યક સાધના કરવી પડે છે. અત્યારના પ્રગતિશીલ ઝડપી યુગમાં આવા વિચારને સ્થાન જ ક્યાં છે! અત્યારે તો આપણી આજુબાજુના શતાવધિ લોકો માત્ર દુન્યવી વ્યવહારમાં જ મગ્ન છે. નાનું બાળક હોય તેને શાંત રાખવા તેની આગળ એક માટીનું રમકડું મૂકીએ એટલે તે રમે ને શાંત થઈ જાય. તેને બિચારાને ઓછી જ ખબર છે કે એ રમકડાનું બાળક તે તેના જેવું સાચું બાળક નથી. આવી જ સ્થિતિ આ દુનિયાના હજારો લોકોની છે. (યદ્ અસત્યમસ્તિ તદ્ સત્યમિવ પરિકલ્પ્ય) જે અસત્ય છે તેને સત્ય માનીને પેલા નાના બાળકની પેઠે તેઓ રમ્યા કરે છે. ભૌતિક સમૃદ્ધિ ને ભૌતિક સંપત્તિએ માણસને એટલો બધો જકડી લીધો છે કે તેને તે બંધનરૂપ છે કે નહિ તે પણ ખ્યાલમાં નથી આવતું. આ પરાધીનતા ને નિર્બળતા ઓછી છે?

જીવનને સંયમી બનાવવું જોઈએ કેમકે સંયમ એ જ શોભા

છે. વિલાસ નહીં. ઇન્દ્રિયોના સ્વાદને જીતવામાં જ સાચો પુરુષાર્થ છે, તેને વશ થવામાં નહિ. આવું આવું કોણ જાણે કેમ આપણા ખ્યાલમાં જ આવતું નથી. અત્યારે તો જેમ વધારે સંપત્તિ તેમ વધારે ધનભાગ્ય. જેમ ઊજળાં ને વધારે કપડાં તેમ વધારે શિક્ષિત. આ જ વિચારો આપણા લોકોમાં વધારે પ્રમાણમાં ઘર કરી બેઠા છે.

નહિ, જીવનનું મૂલ્યાંકન એમાં નથી. યોગી થવું જોઇએ. સમસ્ત શક્તિને આત્મામાં લીન કરી અખંડાનંદમાં લીન થવું જોઇએ. એ વિના સાચી શાંતિ જ ક્યાં છે? જીવનનો ઉપયોગ શું ધન, ધરા ને રમા માટે છે? નહિ જ. તે તો પામરતાની નિશાની છે. ઇન્દ્રિયોનો નિરોધ એ જ મહાન છે. ઇન્દ્રિયોનો વિલાસ નહિ. મનનો સંયમ એ જ મહાન છે. મનનો સ્વચ્છંદ વિહાર નહિ. એક વાર આ આત્મદેવનાં દર્શન કરી લેવાં ને પછી પ્રેમના પ્રતીક થઇ સર્વત્ર વિચરવું કે સેવામાં લાગી જવું એ સાધના આજને માટે અનુકૂળ છે.

મને ભગવું બહુ જ ગમે છે. પણ તે ધારણ કરવાનો વિચાર પહેલાં ન હતો, અત્યારે પણ નથી. રીતસર દીક્ષા લેવાની જરૂર શું છે? એટલું ખરું કે સંન્યાસ લીધા પછી (એટલે સંન્યાસનાં બાહ્યચિહ્ન ધારણ કર્યા પછી) ગૃહજીવનમાં પડવાની જરાય શક્યતા રહેતી નથી. તે વિના પણ દૃઢ નિશ્ચય આગળ કશું થઇ શકે નહિ. પરંતુ અહીં છીએ ત્યાં સુધી આપણને કોઇ કંઇ કહી શકે ને આપણે પણ વિચારવું પડે. પરંતુ માતાજી છે ત્યાં સુધી તો તેમ કરવું શક્ય નથી. ને તેમ કરવાની જરૂરેય નથી. કેમકે સંન્યાસ એ તો વાસનાનો ત્યાગ છે. આત્મજ્ઞાનમાં સ્થિત કરનાર



ને ઇન્દ્રિયને જીતનાર કે તે માટે યત્ન કરનાર સંન્યાસી જ છે અને આખરે તો માણસે સંન્યાસી પણ મટી જવું પડે છે. જ્યાં સુધી તે એમ માને કે હું સંન્યાસી છું ત્યાં સુધી તેની પ્રગતિ અપૂર્ણ છે. ચારે આશ્રમોની પર થવું એ જ ઉચ્ચ સ્થિતિ છે. એવો માણસ ગમે ત્યાં રહે ને ગમે તે વેશે રહે તોય શું?

હે મારા મન, તું ભગવાં કે સફેદની જંજાળમાં ના પડીશ. કોઇ ભગવાં ધારે, કોઇ કાબરચીતરાં પહેરે, પણ તેથી શું? રૂપ ને રંગની પાર પહોંચવું એ જ તારું ધ્યેય છે.

તું તો સર્વત્ર માંગલ્ય જોનારું છે ને સર્વમાં તારા આત્મદેવનાં દર્શન કરનારું છે. એ અમૃતનું પાન કર ને મસ્ત થા. બીજો વિચાર પણ તેને કેમ સ્પર્શે?

અભ્યાસ કેમ ચાલે છે?

**(હિમાલયના પત્રોમાંથી)**

પ્રાર્થના પહેલાં વિશ્વાસ કરો, બોલતાં પહેલાં સાંભળો, ખર્ચ કરતાં પહેલાં કમાઓ, લેતાં પહેલાં આપો, લખતાં પહેલાં વિચારો.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# કર્મનો સિદ્ધાંત અફર છે. (૨)

(ગતાંકથી ચાલુ) સંકલન : રાનુબેન પટેલ

**કરેલાં કર્મો ભોગવવાં જ પડે!**

કર્મ કર્યું કે તેનું ફળ ચોટ્યું જ સમજી લો. પછી તમે ફળ ભોગવવામાંથી છટકી શકો જ નહીં. છટકવા ગમે તેટલા ઉધામા કરો તો પણ ફળ ભોગવ્યા સિવાય કર્મ શાંત થાય જ નહીં. તમારી પાછળ પાછળ ફળ ભમ્યા જ કરે, ભોગવાવીને જ છૂટકારો કરે. કદાચ તમે બહુ બુદ્ધિશાળી હો અને આ દુનિયાની કોર્ટમાંથી સારો વકીલ રોકીને છટકો તો પણ ઉપલી સુપ્રીમ કોર્ટ—કુદરતી કોર્ટ તમને ઝાલી પાડે, છોડે નહી. ત્યાં કોઇ વકીલની દલીલ કે સિફારસ ના ચાલે.

ઘણાં વર્ષ પહેલાંની વાત છે. અમદાવાદમાં એક પ્રખર વિદ્વાન સેશન્સ જજ હતા. જાતે નાગર બ્રાહ્મણ અને ચુસ્ત વેદાંતી. કર્મના કાયદાના અઠંગ અભ્યાસી. સાબરમતી નદી પાસે રહેતા હતા. એક સવારે પરોઢિયે મળસ્કામાં થોડા અંધારામાં નદીના વાંઘામાં કુદરતી હાજતે જવા બેઠેલા. ત્યાં નજદીકમાંથી એક માણસ દોડતો હતો. તેની પીઠમાં પાછળથી આવતા માણસે ખંજરનો ઘા કર્યો અને આગળનો માણસ ઢળી પડ્યો અને તત્કાલ મૃત્યુ પામ્યો. આ દૃશ્ય જજે નજરોનજર પ્રત્યક્ષ જોયું. ખૂની ભાગી ગયો તેને પણ સેશન્સ જજે બરાબર ઓળખી લીધો.

સેશસ્ન્સ જજ ઘેર આવ્યા. પણ આ બનાવની કોઇને કશી



વાત કરી નહિ. કારણ કે આ ખૂનીનો કેસ છેવટે તો તેમની કોર્ટમાં જ આવવાનો હતો. પછી પોલીસ ઇન્કવાયરી શરૂ થઇ. છ મહિનામાં સંપૂર્ણ ઇન્કવાયરી પૂરી થઇ. ખૂનનો કેસ દાખલ કર્યો. સેશન્સ જજે જોયું તો તેને બદલે કોઇ બીજા જ ભળતા માણસને પોલીસે તહોમતદાર તરીકે રજૂ કરેલો.

પછી કેસ ચાલ્યો. જડબેસલાક પુરાવા પડ્યા અને બનાવટી તહોમતદાર ખૂની સાબિત થયો. સેશન્સ જજ ચોક્કસ જાણતા હતા કે આ બનાવટી તહોમતદાર ખરેખર ખૂની નથી. પણ પુરાવાના કાયદા મુજબ ન્યાયાધીશે પુરાવાના આધારે જ જજમેન્ટ આપવું પડે. તેમાં ન્યાયાધીશનો પોતાનો અનુભવ કામ લાગે નહીં. એટલે બનાવટી તહોમતદારને સજ્જડ પુરાવાને આધારે ખૂની ઠરાવીને ફાંસીની સજા ફરમાવવાની સેશન્સ જજને ફરજ પડે તેમ હતું. પરંતુ આ સેશન્સ જજ પ્રખર વેદાન્તી અને ઈશ્વરના કર્મના કાયદાના પાક્કા અભ્યાસી હતા. તેમને લાગ્યું કે ખરો ખૂની છટકી જાય છે અને નિર્દોષ બનાવટી તહોમતદાર માર્યો જશે, એટલે કોર્ટમાં ખૂનની સજાનો હુકમ ફરમાવતાં પહેલાં સેશન્સ જજે પેલા બનાવટી તહોમતદારને પોતાની ચેમ્બરમાં ખાનગીમાં બોલાવ્યો.

બનાવટી તહોમતદાર રડી પડ્યો અને કહ્યું કે હું તદ્દન નિર્દોષ છું; મેં ખૂન કર્યું નથી અને હું ખોટો માર્યો જાઉં છું, કારણ કે પોલીસને સાચો ખૂની જડ્યો નહીં, તેથી મને પહેલાંના મારા ખાનગી અહેવાલોના આધારે પોલીસે મને પકડીને મારી વિરુદ્ધ સજ્જડ પુરાવો ઊભો કરી દીધો છે અને કોર્ટની દૃષ્ટિએ કાયદા

મુજબ હું ખૂની પુરવાર થયો છું.

સેશન્સ જજે કહ્યું કે આ હકીકત હું બરાબર જાણું છું. સાચો ખૂની મેં નજરોનજર જોયો છે. તેને હું ઓળખું છું અને તું નિર્દોષ છે એ પણ હું બરાબર જાણું છું. પરંતુ મારા જજમેન્ટમાં હું આ વાત કાયદેસર લાવી શકતો નથી. કાયદો પુરાવાના આધારે ચાલે છે અને પુરાવો સંપૂર્ણ રીતે તારી વિરુદ્ધ પડેલો હોવાથી હું તને કાયદેસરનો ખૂની ઠરાવીને ફાંસીની સજા કરીશ, પરંતુ ઈશ્વરે બનાવેલા કર્મના કાયદામાં ક્યાંક ગફલત તો નથી થઇ ને તેની ખાતરી કરવા હું તને ખાનગીમાં એક સવાલ પૂછું તેનો તું મને બિલકુલ સાચો જવાબ આપજે. હવે મરતી વખતે જરા પણ જૂઠું બોલીશ નહીં; અને મારો સવાલ એ છે કે ભૂતકાળમાં તેં કોઇ વખત કોઇનું પણ ખૂન કરેલું ખરું?

બનાવટી તહોમતદારે ગળગળા સાદે ઈશ્વર માથે રાખીને સાચેસાચું કહી દીધું કે મેં ભૂતકાળમાં બે ખૂન કરેલાં અને તેના કેસ ચાલેલા. પરંતુ તે વખતે મેં હોશિયાર વકીલો રોકેલા અને ખૂબ પૈસા પોલીસ ખાતામાં વેરેલા તેથી હું બંને કેસોમાં તદ્દન નિર્દોષ છૂટી ગયેલો. પરંતુ આ કેસમાં હું ખરેખર નિર્દોષ છતાં માર્યો જાઉં છું.

સેશન્સ જજને ગેડ બેસી ગઇ કે ઈશ્વરના કર્મમાં કાયદામાં ક્યાંય ગફલત નથી. પહેલાં બે ખૂન વખતે તહોમતદારની પુણ્યાઇ તપતી હશે તેથી તેનાં તે ક્રિયામાણ કર્મોને ફળ આપવામાં વાર લાગી અને તે કર્મ સંચિતમાં જમા રહ્યું અને હવે જ્યારે તેનું પુણ્ય પરવારી રહ્યું ત્યારે પાછલાં બે ખૂનના ફળ



સ્વરૂપે તે સંચિત કર્મ પાક્યાં અને આ કેસમાં નિર્દોષ હોવા છતાં અક્કર—ચક્કરમાં ઝડપાઇ ગયો અને સંચિતકર્મો પાકીને પ્રારબ્ધરૂપે તેના સામે ઊભાં રહ્યાં. એને ફાંસીને માંચડે લટકાવી દીધો.

કર્મના કાયદામાં વકીલ—જજની હોશિયારી કે સિફારસ ચાલે નહીં. કદાચ પુણ્યાઇ તપતી હોય અગર ક્રિયમાણ કર્મ પાકતાં વાર લાગે તે દરમ્યાન જગતની દૃષ્ટિએ તે ગુના કરવા છતાં ફાવી જતો લાગે, પણ સંચિત કર્મો લાગ આવ્યે પાકીને પ્રારબ્ધ થઇને સામાં આવે જ અને ફળ અપાવીને શાંત થાય.

માટે કર્મ કરતાં પહેલાં હજાર વખત વિચાર કરવો જોઇએ. કર્મ થઇ ગયા પછી તેના ફળમાંથી છટકવા ખોટાં ફાંફાં મારવાં નહીં; પરંતુ જ્યારે તે કર્મ પાકીને પ્રારબ્ધ થઇને સામું આવે ત્યારે તેને સામી છાતીએ સહર્ષ ઝીલી લેવું અને ભોગવી લેવું, નહીં તો હસતે હસતે કરેલાં પાપ રોતે રોતે ભોગવવાં જ પડશે.

રાજા પરીક્ષિત મહાજ્ઞાની, વિદ્વાન અને સંસ્કારી હતો. પરંતુ તેનાથી એક મહાન પાપ થઇ ગયું. એક નિરપરાધી ઋષિના ગળામાં ક્રોધના આવેશમાં મરેલો સાપ પહેરાવી દીધો. રાજા ઘેર આવીને શાંત થતાં જ તેને પોતાના દુષ્કૃત્યનો ખ્યાલ આવી ગયો અને તે પોકારી ઊઠ્યો :

**અહો મયા નીચમનાર્યવત્ કૃતમ્**
**નિરાગસિ બ્રહ્મણિ ગૂઢતેજસિ।**

અરર! મારાથી ભયંકર નીચ કર્મ થઇ ગયું. આ ક્રિયમાણ કર્મના ફળ સ્વરૂપે તક્ષક નાગના કરડવાથી મરણ પામવાનું તેનું

પ્રારબ્ધ નિર્માણ થયું. પરંતુ આ ફળ ભોગવવામાંથી છટકવા તેણે કોઇ જાતની લાગવગ લગાડવાનો અગર તો પોતાની સત્તાનો ઉપયોગ કરવાનો જરા પણ પ્રયાસ ન કર્યો. તેણે ભગવાનને એવી પ્રાર્થના ન કરી કે હે ભગવાન કૃષ્ણ! મારો દાદો અર્જુન અને તમો બંને મામાફોઇના દીકરા ભાઇ થતા હતા. વળી તમો બંને સાળોબનેવી થતા હતા. તે હિસાબે તમો મારા ઘણા નજદીકના સગા થાઓ છો. વળી મારો દાદો અર્જુન તમારો પરમ પ્રિય ભક્ત હતો અને તેમનો રથ પણ તમે હાંકેલો અને ખુદ મારી પણ તમોએ ગર્ભાવાસમાં રક્ષા કરેલી; માટે આપ સર્વશક્તિમાન હોવાથી આપની લાગવગથી અને મારા ગુનાની શિક્ષા ના મળે તેવું કરો અને આ મારો જીવનમાં પહેલો જ ગુનો છે અને ભવિષ્યમાં ફરીથી આવો ગુનો હું કદી નહીં કરું તેનું સોગંદનામું કરું છું. માટે આટલો વખત મને જતો કરો તો હું આપ કહેશો તેટલો અઢળક ખર્ચો કરીને આપ ખુશ થાઓ તેટલો ધર્માદો કરીશ. ભગવાન પાસે લાગવગશાહી અને લાંચરુશ્વતખોરી કર્મના કાયદાના અમલમાં ના ચાલે. પરીક્ષિત મોટો રાજા હતો અને તેના રાજ્યની સુપ્રીમ કોર્ટ પણ તેને સજા ફરમાવી શકે તેમ નહોતું. છતાં પરીક્ષિતે જાતે પોતાની સામે તહોમતનામું પોકાર્યું અને સખત શિક્ષાની માગણી કરી. (તમે નસીબદાર હો અને બાપદાદાએ ઘરમાં શ્રીમદ્ ભાગવતનું પુસ્તક વસાવ્યું હોય અને છાજલીમાં પડ્યું પડ્યું ધૂળ ખાતું હોય તો તે પુસ્તક છાજલીથી ઉતારીને ધૂળ ખંખેરી નાખીને ઉઘાડીને વાંચજો કે) પરીક્ષિત ખુદ પોતાની સામે તહોમતનામું ફરમાવીને શું શિક્ષાની માગણી કરે છે. મહર્ષિ વ્યાસ પરીક્ષિતના બોલેલા શબ્દો નીચે પ્રમાણે લખે છે :



**અહો મયા નીચમનાર્યવત્ કૃતમ્**
**નિરાગસિ બ્રહ્મણિ ગૂઢતેજસિ ।**

અરેરે! મેં એક નિરપરાધી બ્રાહ્મણ સાથે ઘણું જ નીચ અધમ કૃત્ય કર્યું અને મારા કરેલા ક્રિયમાણ કર્મના પરિણામે મારા પાપના નાશ માટે તાકીદે મને સખત શિક્ષા થાઓ જેથી કરીને ભવિષ્યમાં હું અગર મારો દાખલો લઇને બીજા કોઇ રાજા આવું નીચ કર્મ કરે નહીં.

**ધ્રુવં તતો મે કૃતદેવહેલનાત્**
**દુરત્યયં વ્યસનં નાતિદીર્ઘાત્ ।**
**તદસ્તુ કામં ત્વઘનિષ્કિતાયમે**
**યથા ન કુર્યામ્ પૂનરેવમદ્ધા ॥**
**અદ્યૈવ રાજ્યં બલમૃદ્ધકોશં**
**પ્રકોપિતબ્રહ્મકુલાનલો મે ।**
**દહતુ અભદ્રસ્ય પુનર્નમેડભૂત્**
**પાપીયસી ધીઃ દ્વિજદેવગોભ્યઃ ॥**

અને મને શિક્ષા તરીકે તે બ્રાહ્મણ ઋષિના ક્રોધાગ્નિમાં મારું આખું રાજ્ય, બળ, સમૃદ્ધિ, કોશ, ભંડારો વગેરે તાત્કાલિક બળીને ખાખ થઇ જાઓ કે જેથી કરીને બ્રાહ્મણો, દેવો, ગાયો વગેરે પ્રત્યે આવી બુદ્ધિ મને ના સૂઝે.

પરીક્ષિતે પોતાના ક્રિયમાણ કર્મનું ફળ પ્રારબ્ધ સામી છાતીએ ભોગવી લીધું અને મોક્ષ પામ્યો. તેણે કર્મના ફળમાંથી છટકવાની લાગવગશાહીનો ઉપયોગ ના કર્યો. ઉપયોગ કર્યો હોત તો પણ કર્મ ફળ આપ્યા સિવાય છોડત નહીં.

(ક્રમશઃ)

# ખૂબ ખૂબ આભાર

—તંત્રી

**અધ્યાત્મના વિદેશના આજીવન સભ્યોની જે નવી યાદી તૈયાર થઇ તેમાં અમેરિકાના શ્રી વિનોદભાઇ પટેલનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. પૂ.માશ્રી સર્વેશ્વરીના માર્ગદર્શન પ્રમાણે તેઓએ અને બીજા સાધક ભક્તોએ જે સહાય પહોંચાડી છે તે બદલ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ અધ્યાત્મ માસિક તેમના ખૂબ ઋણી છે ને તે સહુનો દિલથી આભાર માનીએ છીએ.**

**★ અધ્યાત્મના ગ્રાહકોને સૂચના★**

છેલ્લા ઘણા વખતથી શ્રી આશીષભાઇ ગોહિલ **અધ્યાત્મ**ના ગ્રાહકોને માસિક રવાનગી અંગેનું કામ સંભાળે છે. તેથી નીચેની બાબતો અંગે તેમનો સંપર્ક કરવો.

૧. અંક ન મળવાની ફરિયાદ અને ૨. સરનામામાં ફેરફારની જાણ.

તેમનો સંપર્ક નંબર—૯૪૨૮૨૨૨૩૫૭ છે. રજા સિવાયના દિવસોએ શક્ય હોય ત્યાં સુધી ૧૧ થી ૫ સુધીના સમયમાં ફોન ન કરવા વિનંતિ છે, કારણ કે તેઓ કોલેજમાં પ્રોફેસર છે. —તંત્રી



# વહેવારમાં રહી કરી શકાતી સાધના(૨)

—યોગેશ્વરજી

સવારે ઊઠતી વખતે જ પરમકૃપાળુ પરમાત્માનું સ્મરણ, મનન, ધ્યાન અથવા સ્તવન કરવાની ટેવ પાડીએ તો કેવું સારું? શયનખંડને જ પરમાત્માની આરાધનાનો અદ્‌ભુત ખંડ બનાવી શકીએ. તે વખતે મન પણ શાંત હોય ને વાતાવરણ વિમળ. ઊંઘની અટપટી અવસ્થામાં આપણે એકદમ અચેત થઇને પડેલા ત્યારે જે દૈવી સર્વોપરી શક્તિએ આપણને રક્ષીને જાગ્રત કર્યા અથવા જેને સ્મરણ કરીને કૃતજ્ઞતાને પ્રકટ કરવાનું છેક જ સ્વાભાવિક અને સુયોગ્ય લેખાય, એની સંસ્મૃતિ ને પ્રાર્થના કરીએ. પ્રભાતના પવિત્ર પ્રથમ પ્રહરમાં જ એવી રીતે સાધનાની શરૂઆત કરી શકીએ.

સવારે જાગ્યા પછી જીવનોપયોગી શુદ્ધ સંકલ્પો, ભાવો તેમ જ વિચારો પણ કરી લઇએ. દિવસ દરમિયાન પ્રકાશ, પથપ્રદર્શન તથા પ્રેરણાની પ્રાપ્તિ કરવા માટે એની અનિવાર્ય આવશ્યકતા છે. દિવસ દરમિયાન પણ પળેપળે જાગ્રત રહીને કે વિવેકી બનીને આત્મવિકાસની સાધનાને અખંડ રાખીએ. અને બની શકે તો સાંજે પણ થોડોક સમય અલગ કાઢીને ઈશ્વરસ્મરણનો લાભ લેવાની ટેવ પાડીએ. કોઇ કારણે એ શક્ય ન હોય કે હોય તોપણ રાતે સૂવા જઇએ ત્યારે તો ઈશ્વરસ્મરણ કે પ્રાર્થના કરીએ જ. પથારીમાં ઊંઘવા માટે આડા પડતાં પહેલાં દિવસભરની પ્રવૃત્તિઓનું અવલોકન કરીને અશુભને માટે ખેદ તથા પશ્ચાતાપ અને શુભને સારું સંકલ્પ કરીને પ્રાર્થનાનો આશ્રય

લેતાં સૂવાની ટેવ પાડીએ તો સૌ વ્યાધિ દૂર થાય ને સરસ શાંતિમય ઊંઘ આવી જાય. જ્યાં સુધી ઊંઘ ન આવે ત્યાં સુધી ઈશ્વરસ્મરણ કરતાં—કરતાં સૂવાની ટેવ પાડવાથી પથારીને સુખદ સાધનાસ્થલી બનાવી શકાય છે. સાધના માટે જેમને અલગ સમય ન મળતો હોય તે પણ એ સમયનો લાભ રોજ ઉઠાવી શકે છે. એથી એમને હાનિને બદલે લાભ જ થશે.

કોઈક માણસ ચાનો પ્યાલો પાય છે કે આપણું સામાન્ય જેવું કામ કરે છે તો આપણે એનો Thank you કે ધન્યવાદ કહીને આભાર માનીએ છીએ; પરંતુ જે ઈશ્વરે આપણને અચેતાવસ્થામાં લઈ જઈને શાંતિ આપી અને એમાંથી જગાડીને જીવન બક્ષીને જગતનો અનુભવ કરવાનો અસાધારણ અમૂલખ અવસર આપ્યો એમને—ઈશ્વરની એ પરાત્પર શક્તિને—આપણે કદી પણ સાભાર સ્મરીએ છીએ ખરા? એ શક્તિ આપણા જીવનમાં કેટલી બધી કૃપા વરસાવે છે ને કેવી સરસ રીતે કાર્ય કરે છે? એના વિના જીવન પર પડદો પથરાઈ જાય ને જીવન મરણની આવૃત્તિ જેવું થાય. ઈશ્વરની એ અલૌકિક શક્તિને સદા કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવાની આવશ્યકતા છે. એ શક્તિ આપણને જીવન અર્પે છે, ચેતન બક્ષે છે, ને પ્રતિપળ મદદ પહોંચાડે છે.

જીવનની વ્યાવહારિક સાધનામાં શુભનો સમય કરવાનો ને શુભ કરવાનો સમાવેશ થાય છે. સારા બનો ને સારું કરો એ શબ્દોમાં એ સાધનાનું સરવૈયું કાઢી શકાય છે. સારા બનવાનો અર્થ સદ્‌વિચાર, સદ્‌ભાવ ને સદ્‌ગુણોથી સંપન્ન થવાનો છે. તેમ થતાં અંદરની શાંતિ આપોઆપ મળી જાય છે. સારું કરવાનો અર્થ સત્કર્મપરાયણ બનવું એવો થાય છે. બીજાનું કોઈ કારણે



સારું ન જ કરી શકાય તો ભૂલેચૂકે પણ ખરાબ તો ન જ કરવું. એટલું ધ્યાન અવશ્ય રાખવું.

જીવનમાં વધારે ને વધારે પ્રમાણમાં નમ્રતા, સરળતા, મધુરતા તથા પવિત્રતાને વિકસાવવાનો પ્રયત્ન કરવાની આવશ્યકતા પણ એટલી જ છે. એ આવશ્યકતા પ્રત્યે આંખમીંચામણા કરવાનું લેશ હિતાવહ ન કહી શકાય.

વ્યાવહારિક સાધનાના સાર તરફ અંગુલિનિર્દેશ કરતાં સંતશ્રેષ્ઠ કબીરે પોતાના પદમાં લખ્યું છે કે 'ધનજોબનકો ગરવ ન કીજે, જૂઠા પચરંગ ચોલ.' શરીરના ને પ્રકૃતિના બધા જ રંગો તથા રસો મિથ્યા છે, નાશવંત અને અસાર છે એવું સમજીને માનવે પોતાના મનને એમનાથી ઉપરામ કરવું અને ધન, ધરા તથા રમાનો અહંકાર ન કરવો. સંક્ષેપમાં કહીએ તો સંસારની ક્ષણભંગુરતાનો વિચાર કરવો અને એમાં સરોવરમાં રહેનારા સરસિજની જેમ બનતી અનાસક્તિપૂર્વક, અલિપ્તભાવે શ્વાસ લેવો. સંસારની અશાશ્વતતાને જે સમજે તે તેમાં આસક્તિ ન કરી શકે એ તો ખરું જ છે; પરંતુ જો કોઈ કારણે આસક્તિ કરી હોય તો તે દૂર થઈ જાય છે. જીવનમાં કશાનું અભિમાન નથી થતું.

(ક્રમશઃ)

આ સંસારમાં ઉન્નત અને પતનના બે રસ્તા છે. જે એક બીજાની વિરુદ્ધ દિશામાં જતા હોય છે. પરમાર્થથી ઉન્નતિ અને સ્વાર્થથી પતનનો માર્ગ ખુલે છે.

# કર્પૂરવનયાત્રા

**—મયુરીબેન ટેલર**

કર્પૂરવનનું સ્મરણ થતાં જ પૂ.માનું સ્વરૂપ જાણે મન—અંતર આગળ રમતું થઇ જાય. આપણાં ઈષ્ટ પૂ.માનું જન્મસ્થળ આપણાં સર્વના મનગમતા—સર્વસ્વ સર્વોચ્ચ પૂ.માની જન્મભૂમિ કર્પૂરવનનું સ્મરણ કોને ના ગમે? જે ભૂમિ પૂ.માના શૈશવથી માંડી યૌવન સુધીનો પવિત્ર સંસ્પર્શ પામી એ આપણા સૌ માટે તીર્થોના તીર્થ મહાતીર્થસમું ગણાય. શૈશવના શ્રેષ્ઠ સ્મરણો આપણે પણ પૂ.માની કલમ દ્વારા સાંભળ્યા છે. આનંદ માણ્યો છે. એવી તીર્થભૂમિમાં જવાનો આનંદ કંઇ અનેરો જ હોય છે. એ તો જે માણે તેને જ ખબર પડે. આ વખતે તા. ૩૧, જુલાઇ ૨૦૧૬ના રવિવારના દિવસે કર્પૂરવન જવાનું આયોજન સ્વર્ગારોહણના ભક્તો દ્વારા થયું. એ કાર્યક્રમને અનુલક્ષીને મુંબઇ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર વગેરે સ્થળોથી લગભગ ૮૦ જેટલા એ સત્સંગ કીર્તન—દર્શનનો લાભ લેવા પધાર્યા.

સવારે ૧૦.૦૦ વાગ્યે સૌ પ્રથમ કર્પૂરવનની ભૂમિ ઉપર પૂ.શ્રીમાને પ્રણામ પુષ્પનો અર્ધ્ય ધર્યો. ત્યારબાદ શ્રી હરિ તથા પૂ.શ્રી માની બાવની તથા પ્રાર્થના કરી. ૧૫ થી ૨૦ મિનિટ પ્રણામ થયા. ત્યારબાદ પ્રસાદ રૂપે ફળ—દૂધનો પ્રસાદ દરેકને આપવામાં આવ્યો. ૧૯૯૫ ઓગષ્ટમાં પૂ.શ્રીમાએ શ્રી હરિચરણે વાણીને સમર્પિત કરી (મૌન લીધું) તો આજે ૨૧ વર્ષ બાદ પૂ.માની જે જન્મભૂમિ ઉપર એમની આ અદ્વિતીય તપશ્ચર્યાના સન્માનમાં સૌએ સાથે મળી શ્રી હરિ સંનિધિમાં મૌન એકાંતે પૂ.શ્રીમાએ રચેલા ૨૧ પદો ગાયાં. કાર્યક્રમ નિમિત્તે પૂ.માએ



મોકલેલા બે પદોના પ્રસાદથી જ પદો ગાવાનો પ્રારંભ થયો.

(૧) **પેલા પરમપુરુષ પધાર્યા રે** (રાગ : ઝુકાવ્યું જીવન)

**આંગણીયે મારા...**
**કર્પૂરવન ખીણથી ઊંચક્યા**
**સર્વમંગલ શિખરે ઉતાર્યા**
**સાધનાના દ્વાર ઊઘાડ્યાં રે..**
**પરમપુરુષ પધાર્યા રે...**

(૨) **પ્રભુ પધારજો રે** (રાગ : આજ અહીં આવ્યો રે)

**અમારે આંગણે**
**મંત્રના સાથીયે આંગણાં સજાવ્યા**
**પ્રણામ પુષ્પો હાથમાં છે ઝાલ્યાં**
**હા રે હવે શોભે ના કાલાવાલા**
**પધારજો રે અમારે આંગણે**
**પ્રભુ પધારજો રે અમારે આંગણે**

મૌન એકાંતના પૂ.માના પદો લલકારવાનું ખૂબ જ ગમ્યું. આ પદો જાણે આપણી પ્રાર્થના જ છે. આપણા માટે જ પૂ.માએ પદો લખ્યાં છે. આપણે કેવી પ્રાર્થના કરવી જોઇએ તે પદોમાં વણાઇ જ જાય છે. પદોની બે લીટી પણ વારંવાર પ્રાર્થનારૂપે ગાયા કરીએ તો પણ જાણે આપણું જીવન ધન્ય બની જાય. ખરેખર આ કાર્યક્રમમાં ''હરિ રસની હેલીની ઝલક જાણે જાણવા મળી.'' શ્રી તરલાબેનની કલમે પૂ.માના જીવનનું દર્શન જે પુસ્તિકા દ્વારા પ્રકાશિત થયું છે. એ પુસ્તિકા દ્વારા ''સ્નેહતીર્થ પૂ.શ્રીમા સર્વેશ્વરી'' તેનું પારાયણ થયું તેનું વાંચન કરતાં કરતાં પૂ.માના દિવ્ય અલૌકિક જીવનનાં દ્રશ્યો નજર સમક્ષ ઉપસ્થિત

(અનુસંધાન પૃષ્ઠ ૧૦ ઉપર)